CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૯૩
તા.૦૨-૧૨-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૧૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૬ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન: ડીસા ૧૩.૩, અમદાવાદ ૧૩.૨, ગાંધીનગર ૧૧.૮, વડોદરા ૧૪.૨, સુરત ૧૮.૨, નલિયા ૧૨.૦

ચાંદી : ૩૮,૮૦૦ સોનું : ૩૦,૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# યુપીમાં સ્થાનિક ચૂંટણીમાં ભાજપનો સપાટો

## ૧૬ નગરનિગમ પૈકી ૧૪ પર ભાજપે શાનદાર જીત મેળવી : કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના ગઢ અમેઠીમાં પણ ભાજપની શાનદાર જીત : ગોરખપુરથી અમેઠી સુધી ભગવો : ગુજરાત પૂર્વે મોટી સફળતા મળી

લખનૌ

ઉત્તર પ્રદેશના સ્થાનિક સંસ્થા ચુંટણીમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આક્રમક ચૂંટણી પ્રચાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેઝિક વચ્ચે ભાજપની શાનદાર જીત થઇ છે. શાસક ભાજપે ઉત્તર પ્રદેશમાં જોરદાર દેખાવ કરીને ફરીએકવાર તમામ રાજકીય પંડિતોની ગણતરી ઉંધી વાળી દીધી છે. ભાજપના વિજય રથ બાદ યોગી આદિત્યનાથે પોતાની પ્રથમ પરીક્ષા મોટા અંતરથી પાસ કરી લીધી છે. ઉત્તર પ્રદેશ સરકારના છ મહિના પૂર્ણ થયા બાદ યોજાયેલી સ્થાનિક ચૂંટણીમાં ભાજપે ૧૬ નગરનિગમો પૈકી ૧૪માં પ્રચંડ વિજય મેળવ્યો છે. બીજી બાજુ ગુજરાત ચૂંટણી પહેલા ભાજપ માટે સૌથી સારા સમાચાર અમેઠીમાંથી આવ્યા છે. રાહુલ ગાંધીના ગઢમાં પણ ભાજપની જીત થઇ છે. સ્થાનિક ચૂંટણીમાં પાર્ટીની શાનદાર જીત બાદ વડાપ્રધાન મોદીએ પોતે યોગી આદિત્યનાથને શુભેચ્છા પાઠવી છે. સ્થાનિક ચૂંટણીના પરિણામ આવ્યા બાદ મોદીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, વિકાસની આ દેશમાં ફરી એકવાર જીત થઇ છે. ઉત્તર પ્રદેશ સ્થાનિક ચૂંટણીમાં ભવ્ય જીત માટે પ્રદેશની જનતાનો તેઓ આભાર માને છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને પાર્ટીના તમામ કાર્યકરોને શુભકામના પાઠવે છે. આ જીત અમને જનકલ્યાણની દિશામાં વધુ મહેનત કરવા માટે પ્રેરિત કરશે. ભાજપના પ્રમુખ અમિત શાહે કહ્યું છે કે, ઉત્તર પ્રદેશમાં મતદારોનો તેઓ આભાર માને છે. આ જીત મોદીની કેન્દ્રીય નીતિઓ અને ભાજપની પ્રદેશ સરકારની કામગીરીના પરિણામે મળી છે. તેઓ આ શાનદાર જીત બદલ લોકોનો આભાર માને છે. સ્થાનિક ચૂંટણીના પરિણામ બાદ ભાજપમાં યોગી આદિત્ય નાથનું કદ અનેકગણું વધી ગયું છે. ગુજરાત ચૂંટણી પહેલા ભાજપને સંજીવની પણ મળી ગઈ છે. ગુજરાત ચૂંટણી આડે એક સપ્તાહનો સમય બાકી છે ત્યારે આ જીત ખુબ મોટી જીત છે. ઉત્તરપ્રદેશના પરિણામથી ભાજપના કાર્યકરો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. પરિણામો આજે સવારે આવવાની સાથે ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. તમામ ૬૫૨ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે સવારે ૮ વાગે મતગણતરી શરૂ થઇ હતી. છેલ્લા સાત મહિનામાં યોગી આદિત્ય નાથની કામગીરીના પરિણામ તરીકે પણ આને જોવામાં આવી રહ્યા હતા. ઉત્તર પ્રદેશમાં ભાજપની ઓફિસની બહાર જોરદાર ઉજવણી કરવામાં આવી હતી. ભાજપે ગોરખપુરથી લઇને અમેઠી સુધી શાનદાર જીત મેળવી છે. અયોધ્યા અને અન્ય તમામ ક્ષેત્રોમાં પણ પાર્ટીનો જોરદાર દેખાવ રહ્યો છે. યોગી આદિત્યનાથે જોરદાર ચૂંટણી પ્રચાર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરપ્રદેશમાં ૧૬ નગર નિગમ, ૧૯૮ નગર પાલિકા પરિષદ અને ૪૩૮ નગર પંચાયતમાં ત્રણ તબક્કામાં ચૂંટણી પ્રવાહ આવવાની શરૂઆત થયા બાદ ભાજપના કાર્યકરોમાં ભારે ખુશીનુ મોજુ જોવા મળ્યુ હતુ. ભાજપે મોટા ભાગના વિસ્તારોમાં લીડ મેળવી હતી.



## કાંકરેજ ભાજપ ઉમેદવારનો ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસ

પ્રતિનિધિ થરા

કાંકરેજ વિધાનસભાના ભાજપના ઉમેદવાર કિર્તિસિંહ વાઘેલા સમર્થકો સાથે ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસ ખેડી રહ્યાં છે. જે અંતર્ગત ગઈકાલે બલોચપુર, દુગરાસણ, માનપુર, શિહોરી, અરડુવાડા, ઉંબરી, બુકોલી, મુડેઠા, ગજનીપુર જેવા વિવિધ ગામોમાં ઝંઝાવાતી પ્રવાસ કર્યો હતો. જેમાં તેમને જોરદાર સમર્થન પ્રાપ્ત થયું હતું. કાંકરેજમાં આવેલ ભયાનક પુર વખતે કિર્તિસિંહ વાઘેલા લોકો વચ્ચે રહી લોકોના સુખદુ:ખમાં સહભાગી થયા હતા. તેના કારણે આજે લોકોમાં તેમને જોરદાર સમર્થન મળી રહ્યું છે. તેમણે જણાવેલ કે હું કોઈપણ નાતજાતના ભેદભાવ વગર, કાંકરેજ વિધાનસભા મત વિસ્તારમાં આવતા તમામ ગામોને સરખા ભાગે ગ્રાન્ટ ફાળવી વિકાસ કામમાં સહભાગી થઈશ. તેવો શુર વ્યક્ત કર્યો હતો. એમની સાથે જિલ્લાના સહકારી આગેવાન અણદાભાઈ પટેલે પણ કિર્તીસિંહ સરળ સ્વભાવના તેમજ લોકોના સુખદુ:ખમાં સહભાગી થયેલ છે. અને થતા રહેશે તેમ જણાવેલ. સુખવિંદરસિંહ સોઢા તેમજ હરગોવનભાઈ શીરવાડીયાએ પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.



કિશોર પ્રજાપતિ

## થરાદના ભાજપ ઉમેદવાર પરબતભાઈ પટેલને ગામે ગામથી આવકાર



ડીસા

થરાદ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને વર્તમાન લોકપ્રિય ધારાસભ્ય પરબતભાઈ પટેલને ઠેરઠેર આવકાર સાંપડી રહ્યો છે. ગઈકાલે તેઓએ થરાદ વિસ્તારમાં વિવિધ ગામોમાં ચૂંટણી પ્રવાસ કર્યો હતો. જ્યાં ઉપસ્થિત આગેવાનો તથા ગ્રામજનોએ સમર્થન આપ્યું હતું. થરાદ બેઠકના ભાજપના ઉમેદવાર પરબતભાઈ પટેલે તેમના કાર્યકાળ દરમિયાન કરેલા વિકાસ કાર્યોને ધ્યાને લઈ ગામે ગામ સારીએવી લોક પ્રિયતા ધરાવે છે. ગઈકાલે મડાલ, ડોડાયા, ઉંટવેલીયા, સીતોતરા, મસાલી, દેતાલ દરબારી, દેલા ડુવા, સહિત ગામોમાં તેઓએ જન સંપર્ક કર્યો હતો. જ્યારે દરેક ગામમાં ચૂંટણી સભા યોજઈ હતી. જેમાં મોટી સંખ્યામાં આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી તેમને સમર્થન પુરૂ પાડ્યુ હતું.

## ધાનેરામાં ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈને ગામે ગામ મળતો પ્રતિસાદ

### લોકસંપર્ક કાર્યક્રમમાં ભાજપને જીતાડવા સૌનો એક સુર



(એન.કે.મોદી)

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈ ને તેમના લોકસંપર્ક કાર્યક્રમમાં ગામે ગામથી પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. ભાજપને જીતાડવા તમામ સમાજના લોકોમાં એક સૂર જોવા મળી રહ્યો છે.

ધાનેરા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈએ તેમના પ્રચાર કાર્યનો પ્રારંભે કરીને ગામે-ગામ લોકસંપર્ક કરી રહ્યાં છે. દરેક ગામમાં તેમનું ભવ્યાતીભવ્ય સામૈયુ અને સ્વાગત થઈ રહ્યું છે. ગુરુવારે માવજીભાઈએ ખીમંત, વિરોલ, વાછડાલ, ધનપુરા ખેડા,વાછોલ, વાસણા, રામપુરા, નવા ગામે લોકસંપર્ક કર્યો હતો. જેમાં અભૂતપૂર્વ જન સમર્થન મળ્યું હતું. ગામના અબાલ-વૃદ્ધ સૌએ માવજીભાઈને વિજયી થવા થવાના આશીર્વાદ આપ્યા હતા. જયારે શુક્રવારે માવજીભાઈએ કુંડી, માંડલ, કસલપુરા, ગોળીયા વાસડા, નેગાળા, આલવાડા, ખાંગણ, રાજોડા, મેવાડા, રૂણી અને વાલેર સહિતના ગામોમાં પ્રચાર કાર્ય કરતા દરેક ગામમાં તેમને સ્નેહભર્યો આવકાર મળ્યો હતો અને સૌએ જંગી મતથી જીતાડવાનું વચન આપ્યું હતું.

લોકસંપર્ક કાર્યક્રમમાં પૂર્વ મંત્રી હરજીવન પટેલ, ધાનેરાના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિત, વસંતભાઈ પુરોહિત, ધાનેરા એપીએમસીના ચેરમેન ભગવાનદાસ પટેલ, બળવંતસિહ વાઘેલા, શાંતુભા વાઘેલા, પ્રમુખ જગદીશભાઈ પટેલ, મહામંત્રી પહાડસિંહ સોલંકી, મગનભાઈ રબારી, રીન્કુભા વાઘેલા સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

## બેસણું



સ્વ. બબીબેન ભીખાભાઈ બોકા
સ્વ. તા. ૩૦/૧૧/૨૦૧૭, ગુરૂવાર
(માલોસણા)
પૂર્વ ડેલિગેટ, તાલુકા પંચાયત વડગામ

મારા ધર્મપત્નિ
બબીબેન ભીખાભાઈ બોકા
તા. ૩૦/૧૧/૨૦૧૭, ગુરૂવારે દેવલોક પામ્યા છે. સ્વર્ગસ્થનું બેસણું તારીખ ૩/૧૨/૨૦૧૭, રવિવારે અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : મુ. માલોસણા તા. વડગામ, જિ.બનાસકાંઠા

લિ. ભીખાભાઈ વિરસંગભાઈ બોકા
મંત્રી, ધી માલોસણા દુધ ઉત્પાદક સહકારી મંડળી લિ.
તા. વડગામ જિ.બનાસકાંઠા, મો. ૯૮૨૫૦ ૬૮૪૫૩

## ડીસા વિધાનસભાના ભાજપના ઉમેદવાર શશીકાંતભાઈના ઝંઝાવાતી પ્રવાસમાં કેશરીયો માહોલ





ડીસા

ગામડાની પ્રજામાં કોઠાસૂઝ રાજહંસની જેમ દુધ પાણી છુટાં પાડવાની શક્તિ પડેલી છે તેના દસે - દસ ગામોમાં ભાવવિભોર દ્રશ્યો ડીસા વિધાનસભા બેઠક માટે તા.૧/૧૨/૨૦૧૭ને શુક્રવારે ચૂંટણી પ્રચાર પ્રવાસમાં જોવા મળેલ હતાં. દસે દસ ગામોમાં ભાજપ ઉમેદવાર શશીકાંતભાઈને ગામડાની પ્રજાએ વ્યાપક આવકાર આપીને વધાવ્યા હતાં. પાઘડી પહેરાવીને સન્માન કર્યું હતું. ભારતીય સંસ્કૃતિની નિષ્ઠાનું પ્રતિક પાઘડીની લાજ હું કોઈપણ ભોગે જાળવીશ. ગામડાના વિકાસ માટે હંમેશા તત્પર રહીશ એવી શશીકાંતભાઈની ખાત્રીને વિશાળ જનસંખ્યાએ હર્ષનાદોથી વધાવીને જંગી બહુમતિથી વિજયી બનાવવા દઢ સંકલ્પ કર્યો હતો. કંસારી, ઝેરડા, પમરૂ, નાગફણા, ટેટોડા, રમુણ, ચોરા, રામસણ, સુંથીયા, ધનાવાડા વિગેરે દશ ગામોમાં વ્યાપક આવકાર સાથે પ્રજાએ જંગી બહુમતીથી વિજયી બનાવવા અંર્તનાદ પ્રગટ કર્યો હતો.

કંસારીમાં અને દસે - દસ ગામોમાં યોજાયેલ ચૂંટણી પ્રચાર સભામાં શશીકાંતભાઈની સાથે ગુજરાત એસ.ટી. નિગમના ડીરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા (ગુજરાત ભાજપ બક્ષી મોરચા, પ્રમુખ), ડીસા તાલુકા ભાજપ પ્રુમખ, ડીસા વિધાનસભા ભાજપ સહ ઈન્ચાર્જ, રસીકજી ઠાકોર, જિલ્લા પંચાયત ડેલીગેટ, બળવંતસિંહજી, ડીસા તાલુકા પંચાયત પ્રમુખ વીજુભા વાઘેલા, ડીસા તાલુકા ભાજપ સંગઠન મંત્રી બાબરસિંહ, ડીસા તાલુકા ભાજપ પ્રમુખ પૂર્વ ડાયાજી ઠાકોર તેમજ બાબુલાલ માળી, જિલ્લા પંચાયત પૂર્વ ડેલીગેટ શાંતુભા, ગીરીશભાઈ દેસાઈ, ભરતજી ધુંખ (આખોલ સરપંચ), કરશનભાઈ ભાથી, ડો.જીતુભાઈ (વેટરનરી ડોક્ટર), સગરામજી દેસાઈ સહિત દસે દસ ગામમાં સરપંચ, ગ્રામ પંચાયત સભ્યો સહકાર ક્ષેત્રમાં સેવા મંડળીઓ અને દુધ મંડળીઓના હોદ્દેદારો, સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

રાત્રે ઉલ્લેખનિય છે કે રાજસ્થાનના ઝાલોર (શિરોહી પાસેના) સંસદ સભ્ય દેવજીભાઈ ચૌધરી પણ આ પ્રવાસમાં જોડાયા હતાં અને શશીકાંતભાઈને જંગી બહુમતીથી વિજયી બનાવવા હાંકલ કરી હતી.

### ૨,૫૬,૦૦૦ મતો ધરાવતી

## વાવ બેઠક ઉપર શંકરભાઈ ચૌધરી તરફી લોક જુવાળ

### નર્મદાના નીર વાવ પંથકનો વિકાસ છે

તાલુકા પ્રતિનિધિ વાવ

વિધાનસભાની ચૂંટણી નજીક આવતી જાય છે. તેમ તેમ સમગ્ર વાવ બેઠક ઉપર કેશરીયો જામતો જાય છે. વાવ બેઠક ઉપર ભાજપના ઉમેદવાર શંકરભાઈ ચૌધરીને વ્યાપક જનસમર્થન મળી રહ્યું છે. ગામેગામ લોકો ઢોલ- નગારા અને સામૈયા સાથે તેમનું સ્વાગત કરી રહ્યા છે. ટૂંકા ગાળામાં મંત્રી શંકરભાઈ ચૌધરીએ વાવ- ભાભર- સુઈગામ પંથકના ૧૦૨ ગામોનો એક રાઉન્ડનો પ્રવાસ ખેડી ચુક્યા છે. ત્યારે ગામેગામથી એક જ આવાજ સંભળાઈ રહ્યો છે. ''શંકરભાઈ તુમ આગે બઢો હમ તુમહારે સાથ હૈ'' ગામેગામ નર્મદાના નીર સહિત વિકાસની વાતો થઈ રહી છે. લોકોનું વ્યાપક જનસમર્થન જોઈ મંત્રી ખુદ મંત્રમુગ્ધ બની ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગામેગામ પહોંચેલા નર્મદાના નીરથી સરહદી પંથકનો ખેડુત સમૃદ્ધ બની ગયા છે. માત્ર ૫૦,૦૦૦ (પચાસ હજાર) માં ૧ એકર બોલાતા જમીનનો ભાવ હવે રૂપિયા પાંચ લાખ બોલાતા નર્મદાના નીર સરહદી પંથકની જનતા માટે મોટો વિકાસ બની ગયો છે. જે ભાજપના વિકાસને જનતા કદાપી ભૂલી શકે તેમ નથી. જેથી વાવ- ભાભર - સુઈગામ પંથકના ૧૭૨ ગામોમાંથી મંત્રી શંકરભાઈ ચૌધરી તરફી લોકજુવાળ જોવા મળી રહ્યો છે. લોકોના મુખે કમળનો નાદ અને મોદીસાહેબનો નારો ગુંજી રહ્યો છે. ત્યારે ૧૮૨ વિધાનસભા બેઠકમાં સૌથી વધુ લીડથી વાવનું કમળ ચૂંટાઈને ગાંધીનગર પહોંચશે. તેવુ લોકોના મુખે સંભળાઈ રહ્યું છે.



વિષ્ણુ પરમાર

## સ્ટાફ જોઈએ છે

છોકરાઓ તથા છોકરીઓ

ABC Agrobiotechnology Pvt. LTD

ખેતીવાડીનો અનુભવી અને બિન અનુભવી સ્ટાફ જોઈએ છે

પગાર ધોરણ રૂા. ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦ સુધી

પોતાનું ટુ વ્હીલર હોય તો પ્રથમ પસંદગી

| લાયકાત | જગ્યા |
|---|---|
| મેનેજર | ૫ |
| ગૃપલીડર | ૭ |
| ટીમ લીડર | ૧૨ |
| એક્ઝ્યુકીટીવ | ૪૦ |

લાયકાત : ધો. ૮ પાસથી B.SC. એગ્રી. ઉત્તરગુજરાત માટે
ઈન્ટરવ્યુ તારીખ - ૦૪/૧૨/૦૧૭ - ૦૫/૧૨/૦૧૭,
સમય : ૧૦-૦૦ થી ૫-૦૦ કલાક

મો. 97379 24138 8758556057, 81281 49252, 76238 25702

એડ્રેસ : ચંદ્રલોક રોડ, દિપમાલા કોમ્પલેક્ષ, ડીસા (૩૮૫૫૩૫)

CMYK

સૂર્યોદય - ૭.૦૬ સૂર્યાસ્ત - ૫.૫૩

## તિથિદર્શન

માગસર સુદ-૧૪ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :ચૌદસ શનિવાર નક્ષત્ર: ભરણી બપોરે ૧૨.૦૭ પછી કૃતીકા યોગ : પરીઘ કરણ: ગર આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) સાંજે ૫.૨૫ પછી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. - જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### શ્રદ્ધા દેવમ્ અશ્રદ્ધાયા અધેયમ્ ધિયા દેવમ્ હિંસા દેવમ્ ભિયા દેયમ્ સંવિદા દેયમ્

અન્યોને મદદ કરવી એ આપણું કર્તવ્ય જ છે. પણ આવી મદદ શ્રદ્ધાપૂર્વક કરવી જોઈએ (કોઈ દબાણ- દુરાગ્રહ કે અનિચ્છાથી નહીં) અશ્રદ્ધાથી નહીં. આવી મદદ પ્રસન્નતાપૂર્વક કરવી જોઈએ, નારાજગી કે પરાણે- મન વગરની નહીં. મદદ નમ્રતાના ભાવથી કરવી જોઈએ (આપણે જાણે એના પર મોટો ઉપકાર કરીએ છીએ, હું જો મદદ ન કરત તો તમારા શું હાલ થઈ જાત એવા ઘમંડથી નહીં) ઘણીવાર મદદ ડરથી કરતા હોઈએ છીએ. દા.ત., રાજકારણના મોટા પક્ષો ચૂંટણી સમયે ‘ નાણાકીય મદદ’ ડોનેશન -ચૂંટણી ફંડ માગે છે, ત્યારે બિલ્ડરો- ઉદ્યોગપતિઓ (ડરના માર્યા) કોઈ પણ પક્ષ સત્તા પર આવે ત્યારે પોતાને પરેશાન કરશે એવા ડરથી બધા પક્ષોને ‘મદદ’ કરતા હોય છે. આવી મદદ પાછળ ભય હોય છે.

મદદ સહાનુભૂતિથી કરવી જોઈએ. કોઈ ગરીબ અસાધ્ય રોગથી રિબાતું હોય તો તેના ઈલાજનો ખર્ચ લાગણી- પ્રેમથી ઉપાડી લેવો એ સહાનુભૂતિની મદદ છે.મદદ પ્રેમથી, પોતાના આનંદ માટે કરવી જોઈએ.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડા-દોડી રહે. આવકમાં મંદીનો અનુભવ થાય.**

**વૃષભ : (બ.વ.ઉ.) આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. મુસાફરીથી લાભ થાય.**

**મિથુન : (ક.છ.ઘ.)વિરોધી વર્ગને પીછેહટ કરવી પડે. નવા કાર્યમાં સફળતા મળે.**

**કર્ક : (ડ.હ.) નવિન શુભ સમાચાર મળે. આવક-જાવક સરભર રહે.**

**સિંહ : (મ.ટ.) સરકારી કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) માન-સન્માનમાં વધારો થાય. આવકમાં વૃધ્ધિ થાય.**

**તુલા : (ર.ત.) અટકેલા કાર્યોમાં પ્રગતી થાય. સ્વભાવ તેજ રહે.**

**વૃશ્ચિક :(ન.ય.) કાર્યબોજ વિશેષ રહે. જીવનસાથી દ્વારા લાભ થાય.**

**ધન : (ભ.ફ.ધ.) માંગલિક કાર્યમાં સફળતા મળે. આવકનો નવો માર્ગ ખૂલે.**

**મકર : (ખ.જ.) શેર-સટ્ટાથી દૂર રહેવું. વાણીસંયમ જાળવવો હિતાવહ.**

**કુંભ : (ગ.શ.સ.) અટકી-અટકીને કાર્યો સફળ બને. નાણાંભીડ દૂર થાય.**

**મીન : (દ.ચ.જ.થ.) કાર્યબોજ વિશેષ રહે. મહેનત પ્રમાણે ફળ ન મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ અને મહાત્મા ગાંધીજીએ જેમને અજાત-શત્રુ કહેલા તે ડો.રાજેન્દ્ર પ્રસાદની જન્મ જયંતી છે. એમનો જન્મ તા.૩-૧૨-૧૮૮૪ના રોજ બિહાર પ્રાંતના જિશદેરી નામના નાનકડા ગામમાં થયો હતો. ગાંધીજીના સંસર્ગમાં આવતા જ તે રાષ્ટ્રસેવાના કાર્યમાં લાગી ગયા. ભારતના વનનિર્માણના કાર્યમાં પંડિત નેહરૂ સાથેનો એમનો ફાળો નોંધપાત્ર છે. એમની નસેનસમાં સેવાના રજકણો વહેતા હતા. એમની લોકકલ્યાણની યાત્રા પણ એવી વિરલ હતી. આ મહામાનવનું ૨૮-૨-૧૯૬૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**




## તા. ૦૪.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર તેજી સંદર્ભે ૧૦૨૧૭ પોઈન્ટ અતિ સ્ટ્રોંગ સપોર્ટ...!!**

**તા. ૦૧.૧૧.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૧૪૩ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૯૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૧૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૦૧ પોઈન્ટ થી ૧૦૦૮૬ પોઈન્ટ, ૧૦૦૬૧ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૨૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૧.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૨૫૬ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૧૭૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૦૨૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૩૦૩ પોઈન્ટ થી ૨૫૩૬૦ પોઈન્ટ, ૨૫૪૦૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૪૦૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

HDFC **બેન્ક (૧૮૪૭) :- બેન્ક ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૮૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૧૮ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૮૮૩ થી રૂ.૧૮૯૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૮૯૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**તાતા સ્ટીલ (૬૮૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૬૬૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૬૪૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૬૯૬ થી રૂ.૭૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**રિલાયન્સ કેપિટલ (૪૨૦) :- રૂ. ૪૦૪ નો પ્રથમ તેમજ રૂ.૩૯૩ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રકશન સેક્ટર નો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૪૩૭ થી રૂ.૪૪૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**યશ બેન્ક (૩૦૭) :- બેન્ક સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૩૧૯ થી રૂ.૩૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૨૯૬નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૫૫) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૩૩ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૭૧ થી રૂ.૫૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

TCS **લિમિટેડ (૨૬૪૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૨૭૦૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૬૦૬ થી રૂ.૨૫૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૭૩૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

HDFC **લિમિટેડ (૧૬૬૮) :- રૂ.૧૬૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૭૦૩ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૬૫૩ થી રૂ.૧૬૪૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૭૦૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**રિલાયન્સ લિમિટેડ (૯૧૩) :- રીફાઇનરી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૩૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૯૦૩ થી રૂ.૮૮૮ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!**

**વોલ્ટાસ (૬૨૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ કન્સ્ટ્રકશન સેક્ટરનો આ સ્ટોક રૂ.૬૩૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૦૩ થી રૂ.૫૯૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૬૪૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

NBCC **લિમિટેડ (૨૬૧) :- રૂ.૨૭૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ. ૨૮૦ ના સ્ટોપલોસે વેચવાલાયક કન્સ્ટ્રકશન સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૪૬ થી રૂ.૨૪૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૨૮૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!! તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

# થરા શ્રી ઓગડ વિદ્યામંદિર ખાતે ગીતા જયંતિની ઉજવણી કરાઈ



યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ થરા

કુરૂક્ષેત્રના યુધ્ધ મેદાનમાં પોતાના પરમ ભક્ત અને સખા અર્જુનને થયેલ વિષાદ યોગને કારણે અર્જુનને માધ્યમ બનાવી સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટે માગસર સુદ - ૧૧ ના દિવસે ભગવાન શ્રીકૃષ્ણે આપેલા ઉદ્દ્શને ગીતાનું નામ અપાયેલું ગઈકાલે શ્રી ઓગડ વિદ્યામંદિર - થરા ખાતે કાંકરેજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ રખેવાળ - અધ્યાત્મ કોલમના લેખક ડો. હેમરાજભાઈ પટેલના વ્યાખ્યાનથી ગીતા જયંતિની ઉજવણી કરાઈ. શાળાના આચાર્ય અશોકભાઈ વાલાણી, સુપરવાઈઝર બી.બી.પઢિયાર, વાય.ટી. વાઘેલાએ શાલ ઓઢાડી ડો.હેમરાજભાઈનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. શ્રીમદ ભાગવદ ગીતા સનાતન હિન્દુધર્મનો આ ધર્મગ્રંથ છે. ૧૮ અધ્યાય - ૭૦૦ શ્લોકથી આ ગ્રંથમાં માનવને શ્રેષ્ઠ જીવન જીવવાની કળા બનાવી છે. કર્મણ્યે વાધિકા રસ્તે ્મા ફલેષુ કદાચન - વિદ્યાર્થી- શિક્ષક - નેતા - વેપારી - સ્ત્રી - પુરુષ - યુવક - યુવતી માટે શું આદર્શ છે ને તેના પર ગીતાજીના આપેલ ઉદેશોની છણાવટ કરી મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે દાનભાઈ પટેલ, યોગેશભાઈ બારોટ સહિત સમગ્ર સ્ટાફ પરિવાર ઉપસ્થિત રહ્યો હતા. કાર્યક્રમનું આયોજન હિમાંશુભાઈ શાહે સુંદર રીતે કરેલ.

## સદભાવના ગ્રુપ દ્વારા શોસીયલ મીડિયા થકી

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીને સ્વેટર વિતરણ કરવામાં આવ્યા

### ફેસબુક ના સદુપયોગ થકી જીલ્લાના ૪૦૦૦ સરકારી શાળા ના આર્થિક પછાત વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ ના અભિયાન ની શરૂઆત



ડીસા

શોસીયલ મીડિયાના સદુપયોગ થકી સેવાકીય કર્યો કરી યુવાનોનું પ્રેરતું એવું સદભાવના ગ્રુપ દ્વારા,બનાસકાંઠા જીલ્લાના ૪૦૦૦ આર્થિક પછાત જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણનું અભિયાન શરુ કરવામાં આવ્યું છે.કડકડતી ઠંડી શરુ થઈ ગઈ છે ત્યારે આર્થિક પછાત બાળકોને પ્રાઈવેટ શાળાના વિદ્યાર્થીઓ પહેરે છે એવા બ્રાન્ડેડ સ્વેટર મળી રહે એવું અનોખું અભિયાન ફેસબુક ના માધ્યમથી શરુ કરવામાં આવ્યું છે.

આજના આધુનિક મોબાઈલ યુગમાં યુવા પેઢી શોસીયલ મીડિયાનો સદુપયોગ કરે અને સેવાકીય કર્યો શોસીયલ મીડિયાના માધ્યમથી કરે એ હેતુ થી,ફેશબુક પર એક પોસ્ટ સદભાવના ગ્રુપના હરેશ ચૌધરી દ્વારા મુકવામાં આવી અને યુવા પેઢીને અપીલ કરવામાં આવી કે ફેશબુકના માધ્યમથી ફંડ એકત્રિત કરી બનાસકાંઠા જીલ્લાના ૪૦૦૦ વિદ્યાર્થીઓને સ્વેટર આપવાના છે.આ સદવિચાર જોઈ દેશ અને વિદેશના યુવાધને ફંડ એકત્રિત કરી હરેશ ચૌધરીના સદભાવના ગ્રુપને મોકલાવ્યું અને તેમાંથી આજ રોજ પાલનપુર ની બ્રાંચ શાળાનંબર-૧ ના ૨૫૦ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ ને તેમના માપ મુજબના બ્રાન્ડેડ કમ્પનીના સ્વેટર આપવામાં આવ્યા હતા આગામી સમયમાં પુરા જીલ્લમાં જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને અભિયાન અંતર્ગત શાળાઓ માં જઈ સ્વેટર વિતરણ કરવામાં આવશે.

આજરોજ આ સ્વેટર વિતરણના કાર્યક્રમમાં સદભાવના ગ્રુપના ચેરમેન હરેશભાઈ ચૌધરી,તથા સદભાવના ગ્રુપના સર્વેશ માળી,મિતેશ દેસાઈ,હસમુખ દરજી,લોકેશ ભટોળ તથા તેમની સમગ્ર ટીમ હાજર રહેલ.

# થરાદમાં આજે ગુજરાતી ફીલ્મ કલાકાર નરેશ કનોડીયાનો રોડ શો

ડીસા

થરાદ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારને વર્તમાન ધારાસભ્ય પરબતભાઈ પટેલના ચૂંટણી પ્રચાર અર્થે આજે ગુજરાતી ફીલ્મ કલાકાર નરેશ કનોડીયા આજે થરાદ ખાતે પધારી રહ્યા છે. બપોરે ૨.૦૦ કલાકે થરાદ ભાજપ કાર્યાલય ખાતેથી બાઈક રેલી - રોડ શોનું આયોજન કરાયું છે. જેમાં ઉપસ્થિત રહેવા તાલુકાની તમામ જનતાને અનુરોધ કરાયો છે.

# ભીલડીમાં મતદાન જાગૃતિ રેલી યોજાઈ

પ્રતિનિધિ (ભીલડી)

લોકશાહીનું પર્વ એટલે ચૂંટણી. ચૂંટણીમાં મતદાન કરવું. ભારતના દરેક નાગરિકની ફરજ છે.

ભીલડી ખાતે ‘‘મતદાતા’’ જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ભીલડી રોટરી ક્લબ, એચ.વી. વાલાણી વિદ્યામંદિર ભીલડી, આદર્શ વિદ્યાલય ભીલડીના સંયુક્ત ઉપક્રમે મતદાતા જાગૃતિ અભિયાન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા મતદાન, મહાદાન વગેરે સુત્રો બોલી રેલી ભીલડીના રાજમાર્ગો પર ફરી હતી.

રોટરી ક્લબ, ભીલડીના પ્રમુખ જામનદાસ મહેશ્વરી, મંત્રી અશોકભાઈ પટેલ, એચ.વી. વાલાણી મંદિરના આચાર્ય સુધીરભાઈ પુરોહિત, આદર્શ વિદ્યાલયના આચાર્ય જીવરામભાઈ જોષી, આનંદભાઈ ત્રિવેદી, શાળા પરિવારના કર્મચારી ભાઈઓ જોડાયા હતા.

## શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય- ડીસા ખાતે

# શ્રીમદ ભગવદગીતા જયંતિની શાનદાર ઉજવણી



ડીસા

માગસર સુદ ૧૧ એટલે ભગવદ્ ગીતા જયંતિ ડીસાની જાણીતી સંસ્થા શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલયની અંદર દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૩૧/૧૧/૧૮ ને ગુરુવારના રોજ શંકરભાઈ સોનાના અધ્યક્ષ સ્થાને ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, દીપ પ્રાગટ્યથી કરી શાળાના પ્રિન્સીપાલ જગદીશભાઈ પરમારે આવેલ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી બાળકોને જીવનમાં ભગવદ્ ગીતાના વિચારો સાકાર કરવા પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમના ભાગરૂપે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તેમાં ડીસાથી બધી જ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં ૧ થી ૩ નંબરે આવેલ વિદ્યાર્થીઓને રોકડ ઈનામ તેમજ ભગવદ્ ગીતા પુસ્તક અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

કાર્યક્રમના અધ્યક્ષ શંકરભાઈ સોનીએ ભગવદ્ ગીતાનું જીવનમાં મહત્વ સમજાવેલ. નિર્ણાયક તરીકે અલકાબેન ચૌધરી તેમજ રાહુલભાઈ જોષીએ સેવા આપેલ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક કાશીરામભાઈ રાજગોરે કર્યું હતું. તેમજ આભારવિધિ દયારામભાઈ પ્રજાપતિએ કરી કાર્યક્રમ પૂર્ણ કરેલ.

# વડગામના ચાંગા ગામે શાળાના બાળકોને તિથિભોજન અપાયુ



સુરેશ અગ્રવાલ

પ્રતી છાપી

વડગામ તાલુકાના ચાંગા ગામે સ્વ.હિરાબેન રતનાભાઈ શ્રીમાળીની સ્મૃતિમાં તેમના પરિવારજનો દ્વારા તા.૨૭/૧૧/૧૭ ના રોજ તિથિભોજન આપવામાં આવ્યું હતું. જે પ્રસંગે પ્રા.શાળા, માધ્યમિક શાળા તથા બાલમંદિરના બાળકોને તિથિભોજન અપાયું હતું. સદગતના પરિવારજનો સહિત ગ્રામજનો તથા શાળાનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ રામપુરામાં ગીતા જયંતીની ઉજવણી

પ્રતિ. વડાવલ

માગસર સુદ એકાદશી એ વિશ્વનો ભારતીય સંસ્કૃતિની અનોખી ભેટ સમા વૈશ્વિક ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પ્રાગટ્ય દિન છે..મહંતશ્રી કે.ડી.આદર્શ હાઈસ્કૂલ- રામપુરા તાઃડીસામાં તા.૩૦-૧૧-૧૭ ના રોજ ગીતાજયંતીની ઉજવણી શ્રધ્ધાભેર કરવામાં આવી હતી.

શાળાના આચાર્ય જે.એચ.દવે એ ‘આધુનિક સમયમાં ગીતા બોધ’ વિષય પર પ્રવચન આપ્યું હતું. શાળાનાં બાાળકો દ્વારા વિવિધ શ્લોકોનું ગાન કરવામાં આવ્યું હતું ગીતા ઉપદેશ વિષય પર વિદ્યાર્થીઓ દ્વારા સમૂહમાં શ્રીમદ્ ભગવદ્ ગીતા ગ્રંથની આરતી ઉતારવામાં આવી હતી.

શાળના સંસકૃત શિક્ષક એમ.એસ.પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું તથા કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ભાઈ બહેનોને શ્રીમદ્ ભગવદ્ ગીતાનું પુસ્તક ભેટ આપવામાં આવ્યું હતું.

# "ચૂંટણીના જનરલ ઓબ્ઝર્વર વિરેન્દ્રસિંગે પાલનપુર ખાતે એમ.સી.એમ.સી.ની મુલાકાત લીધી"

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ અન્વ.યે ભારતના ચૂંટણી પંચ ધ્વારા નિમાયેલ ૮-થરાદ અને ૧૪-દિયોદર વિધાનસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વરવિરેન્દ્રસિંગે પાલનપુર મુકામે આપત્તિ વ્યવસ્થાપન ખાતે કાર્યરત એમ.સી.એમ.સી.ની મુલાકાત લઇ કામગીરી નિહાળીને સંતોષ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઇલેક્ટ્રોનિક મિડીયામાં પ્રસારીત થતાં રાજકીય પક્ષો અને ઉમેદવારોને લગતા ચૂંટણીલક્ષી સમાચારો અને પેઇડ ન્યુઝ પર આ કમિટી ધ્વારા સતત વોચ રાખી જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે. ઓબ્ઝર્વરશ્રીએ મિડીયા મોનીટરીંગ એન્ડ મિડીયા સર્ટિફીકેશન કમિટી (એમ.સી.એમ.સી.) દ્વારા થતી ચૂંટણીલક્ષી કામગીરીનું નિરીક્ષણ કરી સંતોષ વ્યશકત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આર. જે.માકડીયા, એક્ષપેન્ડીચર મોનીટરીગ સેલના ચીફ નોડલ ઓફિસર અને જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી વી.કે. ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

# પી.એચ.ડી થયા

પાલનપુર

એન.પી પટેલ મહિલા આટર્સ કોલેજ પાલનપુરમાં શારીરિક શિક્ષણ વિષયમાં અધ્યાપક તરીકે ફરજ બજાવતા પ્રા. દિપ્તીબેન વી. ભાખરીયાએ કડી સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરમાં ર્ડા. જગદીશચંન્દ્ર એલ. ગોઠીના માર્ગદશન હેઠળ શારીરિક શિક્ષણમાં ઈફેટસ ઓફ એકસાઈઝ એન્ડ યોગા ટ્રેનીગ ઓન ગર્લ્સ બોડી કંપોઝીશન એન્ડ સાયકોલોજીકલ વર્ચલ્સ’’ વિષય પર વર્ષ-૨૦૧૭માં મહાશોધ નિબંધ રજૂ કરેલ. જેની કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગરમાં મંજૂરી મળેલ અને પી.એચ. ડી.ની ઉપાધિ એનાયત કરેલ છે. સમગ્ર સંસ્થા પરિવાર પી. એચ.ડી. ની ઉપાધિ બદલ ર્ડા.દિપ્તીબેન વી. ભાખરીયાને બિરદાવ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લામાં ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૭ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી કામગીરીમાં રોકાયેલ પોલીગ અને અધર સ્ટાફના મળી કુલ ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. બનાસકાંઠા જિલ્લામાં કુલ ૨૫૫૩ મતદાન મથકો છે. આ મતદાન મથકો પર કુલ ૧૧,૨૩૩ પોલીંગ સ્ટાફ તથા તમામ પોલીસ સ્ટાફ એસ.ટી.બસોના ડ્રાયવર્સ અને કન્ડકટર્સ એસ.આર.પી.ગૃપ મડાણા બોર્ડરવીંગ ને હોમગાર્ડસના વગેરેના ૮૨૪૧ જવાનો મળી કુલ આશરે ૧૯,૪૭૪ કર્મચારીઓ પોસ્ટલ બેલેટથી મતદાન કરશે.

તમામ ૯ વિધાનસભા મતદાર વિભાગોમાં સ્ટાફના સેકન્ડ રેન્ડમાઈઝેશન બાદ યોજાનાર દ્વિતીય તાલીમની તારીખોમાં ટ્રેનીંગ સેન્ટોર ઉપર ફેસીલીટેશન સેન્ટર ઉભા કરી ઉપરોક્ત સ્ટાફને પોસ્ટલ બેલેટથી મતદાન કરાવવાની વ્યવસ્થા કરવામાં આવશે.

# પીપળી ભાગળમાં નિદાન કેમ્પ યોજાયો

પાલનપુર

ટી.એમ.એસ. જે એન્ડ શાહ એમ.એમ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ‘‘સમર્પણ’’ હોસ્પિટલ દ્વારા તા.૨૫-૧૧-૧૭ ને શનિવાર ના રોજ ‘‘પીપળી ભાગળ’’ ગામ ખાતે વિનામુલ્યે તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં ભાગળ તેમજ આજુબાજુના વિસ્તારના ૯૦ દર્દીઓને તપાસી અને વિનામુલ્યે દવાઓ આપવામાં આવેલ. કેમ્પમાં હોસ્પિટલના ર્ડા.વત્સલ જોષી એ તથા અન્ય સ્ટાફે સેવાઓ આપેલ હતી.

# કલીકુંડતીર્થે ઉપધાનતપ પ્રારંભ

ડીસા

સરસ્વતી લબ્ધપ્રસાદ અનેક પુસ્તકોના સર્જક ‘‘પદ્મભૂષણ’’ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ વિજયરત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ સાધુ- સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં મહાપ્રભાવક કલીકુંડ પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં સંવત ૨૦૭૪ પોષ સુદ-૨ ને તા. ૨૦/૧૨/૨૦૧૭ ઉપધાન તપનો પ્રારંભ થશે. તા. ૯/૦૨/૨૦૧૮ માલારોપણ થશે. ઉપધાનતપ પાંત્રીસુ અઠ્ઠાવીસુ તપમાં જોડવા માંગતા આરાધકોએ હસમુખભાઈ વેદલીયા પાસેથી ફોર્મ મેળવી લેવા આયોજક પરિવાર તરફથી જણાવાયું છે.

### બનાસ મેડિકલ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

મેડિકલ કોલેજ ખાતે સેવા આપશે એવા સમાચાર સંભાળીને હ્રદયપૂર્વક ખુશી વ્યક્ત કરતાં રાજ્ય સરકારના મંત્રીશ્રી અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીએ કહ્યું હતું કે આપણી ડેરીના સ્થાપક ગલબાકાકાના નામે ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ થકી સેવાકિય પ્રવૃત્તિ થાય તે માટે સ્થાપના કરવામાં આવી છે અને તેના સંચાલિત બનાસ મેડિકલ કોલેજની શરૂઆત કરવા માટે જઈ રહ્યાં છીએ. ખરેખર બનાસકાંઠા જિલ્લાના સરકારી અને ખાનગી ડોક્ટરો મેડિકલ કોલેજમાં સેવા કરવાની તૈયારી દર્શાવી છે તે બિરદાવવા લાયક છે. બનાસકાંઠા જિલ્લો શિક્ષણ જગતમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવા માટે જઈ રહ્યો છે તેમાં સેવાકિય અર્થે ડોક્ટરો ભાગીદારી નોંધાવશે તે પ્રશંસાને પાત્ર છે. તમામ ડોક્ટરો મિત્રોને અભિનંદન પાઠવું છું કે પોતાના જીવનનો અમૂલ્ય સમય કાઢીને પણ સેવા કાર્યમાં જોડાયા છે.

### દાંતીવાડા...

**અનુસંધાન ૪ નુ ચાલુ..**

ત્યારબાદ દાંતીવાડા કોલોનીમાં તાલુકા પંચાયત રોડ ઉપર આવેલ બેંક ઓફ બરોડાની સામે ચૂંટણી કાર્યાલયને નરેશ કનોડીયાના હસ્તે ખુલ્લુ મુકાશે. એ પછી તેઓ રામસીડા, રામનગર, જોરાપુરા(ખો) , લોડપા, નાંદોત્રા, ઠાકોરવાસ, સિકરીયા અને મહાદેવપુરા ગામનો લોકસંપર્ક કરશે. આ પ્રસંગે ભાજપના આગેવાનો અને કાર્યકરોને મોટી સંખ્યામાં હાજર રહેવા દાંતીવાડા તાલુકા ભાજપના પ્રમુખ અને મંત્રીએ અનુરોધ કર્યો છે.

# વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તી ને ૧૩ ગામમાં આવકાર




તા.પ્રતિ. વડગામ

વડગામ વિધાનસભા ભાજપના ઉમેદવાર વિજય ચક્રવર્તીનો ચૂંટણી પ્રવાસ ગઈકાલ શુક્રવારે યોજાયો હતો. જેમાં ૧૩ ગામમાં જોરદાર પ્રતિસાદ મળ્યો હતો. તમામ ગામોમાં ભાજપના અગ્રણીઓ - કાર્યકરોનું સામૈયા સાથે સ્વાગત કરાયું હતું. વડગામ વિધાનસભા ઈન્ચાર્જ કેશરભાઈ જે.વાયડા (ચાંગા), તા.ભાજપ પ્રમુખ પ્રવિણસિંહ જે.રાણા (કોદરામ), માર્કેટયાર્ડ ચેરમેન કે.પી.ચૌધરી (માહી), બનાસડેરી ડીરેક્ટર લજીભાઈ વિ.પટેલ (વરસડા), મહામંત્રી ગોવિંદભાઈ એચ.ચૌધરી (નાંદોત્રા), મહામંત્રી દશરથ જી એમ. ઠાકોર (નળાસર), જિલ્લા યુવા ઉપપ્રમુખ એડવોકેટ ડી.વી. સોલંકી, જિલ્લા યુવા અગ્રણી વિજયસિંહ દેવડા (નળાસરપૂર્વ સરપંચ), ઉપપ્રમુખ અશ્વિનભાઈ જી. સકસેનાએ બેદાયકામાં ગુજરાતમાં થયેલ વિકાસકામોની ચર્ચા કરી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં સિંચાઈ, વિજળી, શિક્ષણ, આરોગ્ય રોડ - રસ્તા, રોજગારી વગેરે બાબતોમાં ગુજરાત પ્રથમ ક્રમે વિકાસની હરણફાળ ભરી રહ્યું હોવાનું અગ્રણીઓએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું.

તા.ભાજપ યુવા પ્રમુખ કાંમરાજભાઈ ભૂતડીયા (એદરાણા), મહામંત્રી જીવણસિંહ ડાભી (ધોરીસરપંચ), કોષા ધ્યક્ષ ધવલભાઈ બારોટ (વડગામ), દિગ્ધવિજયસિંહ રાજપુત ધવલ ભાઈ બી.ચૌધરી, રાકેશભાઈ આર.ચૌધરી બક્ષીપંચ પ્રમુખ રમેશભાઈ ડી.ચૌધરી (પરખડી), લાલજી ભાઈ ચૌધરી (પરખડી), કિસાન પ્રમુખ કાંનજીભાઈ ધુળીયા અનુ.જા. મોરચા જિ. પ્રમુખ ભરતભાઈ ડી. પરમાર (ટાકરવાડા), નરેન્દ્રભાઈ ડી.પરમાર (ફતેગઢ), દક્ષાબેન સોલંકી, શારદાબેન સેનમા વગેરે તમામ પદાધિકારીઓ લોક સંપર્ક કાર્યક્રમમાં જોડાયા હતા.

# દાંતા ભાજપ ઉમેદવારને ગામે ગામ આવકાર



પ્રતિનિધિ દાંતા

દાંતા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માલજીભાઈ કોદરવીએ ગઈકાલે સમર્થકો સાથે હડાદ જિલ્લા પંચાયત મત વિસ્તારના ગામોમાં લોકસંપર્ક કર્યો હતો. જ્યાં ગામે ગામ તેમને સ્વયંભૂ લોક આવકાર સાંપડ્યો હતો.

દાંતા વિધાનસભા બેઠકનો મત વિસ્તાર કોંગ્રેસનો ગઢ ગણાય છે પરંતુ ગઈ ટર્મમાં જીતેલા કોંગ્રેસના ઉમેદવાર કાંતીભાઈ ખરાડી લોકોનો વિશ્વાસ ટકાવી રાખવામાં નિષ્ફળ નિવડ્યાં છે જેથી તેમની સામે લોકોમાં નારાજગી છે તેમ છતાં કોંગ્રેસ મોવડી મંડળે લોક લાગણી ધ્યાને લીધા વગર તેમને 'રીપીટ' કર્યા છે. જ્યારે ભાજપ મોવડી મંડળે લોક લાગણી ધ્યાને લીધા વગર તેમને 'રીપીટ' કર્યા છે. જ્યારે ભાજપ મોવડી મંડળે લોકલાગણી પારખી શિક્ષિત આ વિસ્તારના સ્થાનિક ઉમેદવાર માલજીભાઈ કોદરવીને ટીકીટ ફાળવી છે. તેથી તેમને સ્યયંભૂ જન સમર્થન સાંપડી રહ્યું છે. ગઈકાલે તેમણે હડાદ જિલ્લા પંચાયત બેઠકમાં સમાવિષ્ટ ગામોનો પ્રયાસ ખેડ્યો હતો. આ ગામો કોંગ્રેસના ગણાય છે. તેમ છતાં ગામ લોકોએ તેમને આવકારી જીતાડવાના સંકલ્પ લીધા હતા. તેથી આ વખતે ચૂંટણીનું પરિણામ કંઈક અલગ આવશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

# દીઓદર ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણને ફરી રીપીટ કરવા લોકોનો સુર





તાલુકા પ્રતિનિધિ દીઓદર

૧૪,દીઓદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણને સર્વત્ર ગામે ગામથી વ્યાપક જન સમર્થન સાંપડી રહ્યું છે. ગઈકાલે તેમના દીઓદર મત વિસ્તારમાં ચુંટણી પ્રવાસ યોજાયેલ જેમાં મોજરૂજુના, મોજરૂ નવા, સેસણ નવા, સેસણ જુના, વાતમ જુના, વાતમ નવા, નરાણા, જાલોઢા, માનપુરા (જા), નવાપુરા, સોની, ફોરણા, કોટડા(ફો), ડુચક વાડા, ચગવાડા, ચમનપુરા સહીતના ગામોમાં કેશાજીને વ્યાપક સમર્થન સાંપડ્યું હતું. જેમાં કેશાજી ચૌહાણનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે મતદારોને સંબોધતાં કેશાજી ચૌહાણે જણાવેલ કે મેં આ વિસ્તારમાં વિકાસનાં અનેક કાર્યો કર્યા છે.અને આ વિસ્તારની પ્રજાએ મને ભારે સમર્થન આપેલ છે. આ વિસ્તારના કાર્યકરો મતદારો કેસરીયા રંગથી રંગાઈ ચુક્યા છે અને આ વિસ્તારની પ્રજા દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વને સબળ ટેકો આપી રહી છે અને પ્રજાનું વ્યાપક સમર્થન મળી રહ્યું છે. આ વસ્તારના તમામ પ્રજાજનો સાથે મારો ગાઢ સબંધ રહ્યો છે. અને આ વિસ્તારની પ્રજાના કાર્યો કરવામાં હું ક્યારેય કચાશ રાખીશ નહીં.

તેમની સાથે દીઓદર મત વિસ્તારના ભાજપના અગ્રણીઓ, દીઓદર તાલુકા પંચાયતના પ્રમુખ ઉત્તમસિંહ વાઘેલા, દીઓદર સરપંચ ગીરીરાજસિંહજી વાઘેલા, તેજાભાઈ પટેલ (ગાંગોલ), પૂર્વ મહામંત્રી દી.તા.ભાજપ વનરાજસિંહ વાઘેલા, દી.તા. ભાજપ મહામંત્રી ઈશ્વરભાઈ પટેલ, દીઓદર તાલુકા સંઘના ચેરમેન ઈશ્વરભાઈ તરક, જાલોઢા સરપંચ ઈશ્વરસિંહ વાઘેલા, જીલ્લા ડેલીગેટ રાંણાભાઈ ડાભી સહીત ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયેલ અને કેશાજી ચૌહાણને જંગી મતોથી જીતાડવા આહવાન કર્યુ હતું.

દીઓદર વિધાનસભા મત વિસ્તારમાં ભર શિયાળે રાજકીય ગરમાવો આવી ગયેલ છે. દીન પ્રતિ દીન ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણને મતદારો તરફથી બહોળો આવકાર મળી રહ્યો છે. તેમનું પ્રચાર અભિયાન વેગવંતું બની રહ્યું છે

# દીઓદર બેઠકના ભાજપ ઉમેદવારનો આજનો ચુંટણી પ્રવાસ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

૧૪,દીઓદર વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને વર્તમાન ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ આજે દીઓદર મત વિસ્તારના લાખણી તાલુકાના વિવિધ ગામોમાં ચુંટણી પ્રચાર કરશે.જેમાં તેઓ સવારે ૯.૦૦ કલાકે વજેગઢ,સવારે ૧૦.૦૦ કલાકે લવાણા,સવારે ૧૦.૩૦ કલાકે ચાળવા,સવારે ૧૧.૦૦ કલાકે લીંબાઉ,સવારે ૧૧.૩૦ કલાકે અછવાડીયા,બપોરે ૧૨.૦૦ કલાકે કુવાણા,બપોરે ૧૨.૩૦ કલાકે વાસણા(વા),બપોરે ૧૩.૦૦ કલાકે માણકી,બપોરે ૧૩.૩૦ કલાકે ડેરા,બપોરે ૧૪.૦૦ કલાકે ધરણવા,બપોરે ૧૪.૩૦ કલાકે શેરગઢ,બપોરે ૧૫.૦૦ કલાકે પેપળુ,બપોરે ૧૫.૩૦ કલાકે વકવાડા,સાંજે ૧૬.૦૦ કલાકે નાના કાપરા, સાંજના ૮.૦૦ થી ૧૦.૦૦ લાખણી ત્યારબાદ તેઓ દીઓદર પરત ફરશે.તેમની સાથે ૧૪, દીઓદર વિધાન સભા મત વિસ્તારના ભાજપના કાર્યકરો,આગેવાનો જોડાશે.


## પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



સ્વ.કરશનભાઈ કાળાભાઈ પટેલ
સ્વ.તા.૨-૧૨-૨૦૧૬
(માગસર વદ ૩ ને શુક્રવાર)

જીવન એવુ જીવી ગયા કે મુત્યુ શરમાઈ ગયું, સુખને છલકાવ્યું નહિ, દુઃખને દેખાડયું નહિં, હસતો ચહેરો રાખી ઓચિંતી વિદાય લીધી, સૌના હૃદયના સંભારણા દિલમાં રાખી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.

પટેલ પ્રેમાભાઈ કાળાભાઈ - ભાઈ
પટેલ જીવરામભાઈ કાળાભાઈ - ભાઈ
પટેલ હેમરાજભાઈ રૂપાભાઈ - કાકા
પટેલ શૈલેષભાઈ કરશનભાઈ - પુત્ર
પટેલ રાહુલભાઈ કરશનભાઈ - પુત્ર
પટેલ નિલેશભાઈ પ્રેમાભાઈ - ભત્રીજો
પટેલ બાબરાભાઈ જીવરામભાઈ - ભત્રીજો
પટેલ માનસુંગભાઈ નાનજીભાઈ - ભાણેજ

તથા સમસ્ત વાઘડા પરિવાર
મુ.પો.આસોદર, તા.થરાદ, જિ.બનાસકાંઠા


## ગુજરાતી સુપર સ્ટાર નરેશ કનોડીયાના હસ્તે...

# દાંતીવાડા કોલોનીમાં ભાજપના ચૂંટણી કાર્યાલયનું આજે ઉદ્‌ઘાટન

### ગુજરાતી ફિલ્મ સ્ટારના આગમનને લઈ પ્રજામાં ઉત્સુકતા

દાંતીવાડા

ધાનેરા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર માવજીભાઈ દેસાઈના દાંતીવાડા ખાતેના ચૂંટણી કાર્યાલયને આજે તા. ૨/૧૨/૨૦૧૭ ના રોજ બપોરે ૧/૩૦ ક. ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડીયા હસ્તે ખુલ્લુ મુકાશે.

ધાનેરા વિધાનસભા બેઠક ઉપર ભાજપે આ વખતે યુવાન રાજકીય અને સહકારી આગેવાન માવજીભાઈ દેસાઈ ને ટીકીટ ફાળવી છે તેથી ધાનેરા વાસીઓને પંથકના સર્વાંગી વિકાસની આશા બંધાઈ છે. જેથી તેમને ગામેગામ આવકાર અને જન સમર્થન સાંપડી રહ્યું છે. ચૂંટણી પ્રચારના ઝંઝાવાતી પ્રવાસ દરમ્યાન આજે તા. ૨/૧૨/૨૦૧૭ ના રોજ તેઓ સમર્થકો સાથે સવારે ભાખર મોટી, ભાખર નાની, ભાખર ખેડા, વાઘરોલ અને ડાંગીયા ગામે લોકસંપર્ક કરશે. ત્યારબાદ બપોરે ૧ ક. ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર નરેશ કનોડીયા સાથે સમર્થકોની વિશાળ રેલી કાઢશે.

અનુસંધાન પાના નં.૨


## નમ્ર અપીલ



ડીસા વિધાનસભા બેઠક ઉપર મે અપક્ષમાંથી મારી ઉમેદવારી નોંધાવી છે તો આપનો કિંમતી અને પવિત્ર મત આપી અપાવીને વિજય બનાવશો એવી સર્વે મતદાર ભાઈ-બહેનોને નમ્ર અપીલ....

| ક્રમ | ઉમેદવારનું નામ | નિશાન |
|---|---|---|
| ૬ | ઠાકોર પરબતજી વાલાજી (તીજોરીવાળા) | અલમારી |










ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com
P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

## થરાદ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી.રાજપુતને વ્યાપક જન સમર્થન



ડીસા

થરાદ વિધાનસભા બેઠકના કોંગ્રેસ પક્ષના ઉમેદવાર ડી.ડી.રાજપુતે ગામે ગામ જઈ સઘન લોક સંપર્ક શરૂ કર્યો છે. જ્યાં દરેક ગામમાંથી તેમને સમર્થન મળી રહ્યું છે.

થરાદ બેઠકના કોંગ્રેસ ઉમેદવાર ડી.ડી.રાજપુતે ગઈકાલે તેમના સમર્થકો સાથે વિવિધ ગામોનો ચૂંટણી પ્રવાસ ખેડ્યો હતો. જ્યાં દરેક ગામમાં તેમના સમર્થનમાં સભાઓ યોજાઈ હતી.

જેમાં બહોળી સંખ્યામાં ગામના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી તેમને વિજય બનાવવા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## દીઓદરમાં કોંગ્રેસની જન સમર્થન રેલી યોજાઈ



તાલુકા પ્રતિનિધિ દીઓદર

૧૪,દીઓદર વિધાનસભા મત વિસ્તારમાં યોજાઈ રહેલી ચુંટણી અંતર્ગત દીઓદર સીટના કોંગ્રેસના ઉમેદવાર શીવાભાઈ અમરાભાઈ ભુરીયાના સમર્થનમાં કોંગ્રેસ દ્વારા વિશાળ

જન સમર્થન રેલી દીઓદરના રાજમાર્ગો ઉપર નીકળેલ જે ઢાળ ઉપર દરબાગઢથી નીકળી દીઓદર બજાર થઈ આદર્શ હાઈસ્કુલ ત્રણ રસ્તા ગયેલ. આ રેલીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના સમર્થકો, યુવાનો જોડાયેલ. આજરોજ કોંગ્રેસના ચુંટણી કાર્યાલયનો પ્રારંભ થનાર છે.દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ તથા આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

### વડગામ બેઠકના અપક્ષ ઉમેદવાર

## જીજ્ઞેશ મેવાણીના કાર્યાલયના ઉદ્ઘાટનમાં કોંગ્રેસ કાર્યકર્તાઓની સુચક ગેરહાજરી

**દલિત નેતાએ કાર્યાલય ખુલ્લુ મુકી પ્રચારના શ્રી ગણેશ કર્યા : અનેક ગામમાં વિરોધના બેનરો લાગ્યા**



સુરેશ અગ્રવાલ

પ્રતિનિધિ છાપી

વિધાનસભા ૨૦૧૭ ની ચૂંટણી માં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે બે ઉમેદવારો એ ઉમેદવારી પરત ખેચતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બનવા સાથે વડગામ બેઠક ઉપર કુલ દશ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે શુક્રવારે કોંગ્રેસના ટેકાથી ઉભેલા દલિત યુવા નેતા જીજ્ઞેશ મેવાણીએ વડગામ ખાતે પોતાના ચુંટણી કાર્યાલયને ખુલ્લુ મુકી પ્રચારની શરૂઆત કરી હતી જોકે ઉદ્ઘાટન કાર્યક્રમમાં કોંગ્રેસના મોટા ભાગના પદાધિકારીઓ સહિત કાર્યકર્તા ઉપસ્થિત ન રહેતા ઉદઘાટન કાર્યક્રમમાં પાંખી હાજરી જોવા મળી હતી.

વડગામ બેઠક ઉપર દલિત નેતા જીજ્ઞેશ મેવાણીએ અપક્ષ ઉમેદવાર તરીકે ઝંપલાવતા આ બેઠક ગુજરાતમાં "હાઈ પ્રોફાઈલ" બની ગઈ છે અને ગુજરાત સહીત દેશના મીડીયા તેમજ નેતાઓની નજર વડગામ બેઠક ઉપર કેન્દ્રીત બની છે. જીજ્ઞેશ મેવાણીએ વડગામ કાર્યાલયનું ઉદ્ઘાટન કરતાં આ કાર્યક્રમમાં કોંગ્રેસના એકપણ મોટા નેતા ઉપસ્થિત રહ્યા ન હતા દરમિયાન મુસ્લીમ સમાજ તેમજ દલિત સમાજની સુચક પાંખી હાજરી જીજ્ઞેશ મેવાણી માટે ચિંતાનો વિષય બન્યો છે. આ બેઠક ઉપર મુળ કોંગ્રેસના અપક્ષ ઉમેદવાર અશ્વિન પરમાર અને ભાજપના વિજય ચક્રવર્તી તેમજ મેવાણી વચ્ચે ત્રિપાંખીયો જંગ બની રહેશે. વડગામ બેઠક ઉપર કોંગ્રેસ દ્વારા સત્તાવાર ઉમેદવાર ઉર્ભા ન રખાતા સ્થાનિક કોંગ્રેસના આગેવાનોમાં ભારે નારાજગી પ્રવર્તિ રહી છે. જેને આગમી દિવસોમાં કોંગ્રેસ કંઈ રીતે ડેમે જ કંટ્રોલ કરે છે તે જોવાનું રહ્યુ.

વડગામ બેઠકના ભરકાવાડા, જલોત્રા, કોટડી, નાંદોત્રા, એદ્રાણા, છાપી સહિત અનેક ગામોમાંથી કથિત વિભાજન કારી તેમજ હિન્દુ વિરોધી જીજ્ઞેશ મેવાણીએ ગામમાં ન પ્રવેશવાને લઈ બેનરો લાગતાં બેનરોને લઈ ભારે વિવાદ સર્જાયો છે.

## ડીસા શહેરમાં કોંગ્રેસ ઉમેદવારનો ડોર ટુ ડોર પ્રચાર



ડીસા

વોર્ડ નં.૧ માં ૧૩- ડીસા વિધાનસભાના કોંગ્રેસ ઉમેદ વાર ગોવાભાઈ રબારીનો ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો હતો. આ પ્રચાર કાર્યમાં બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, ડીસા શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, શહેર કોંગ્રેસ મહામંત્રી શૈલેષ વ્યાસ, કોંગ્રેસ પ્રદેશ ઓ.બી.સી. સેલના ઉપપ્રમુખ જગદીશ ભાઈ મોદી, તાલુકા ડેલીગેટ મુકેશભાઈ સોલંકી, ડીસા શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ દિનેશભાઈ ચોહાણ, કનુભાઈ ત્રિવેદી, હસમુખભાઈ કોઈટીયા, સાગરભાઈ કોઈટીયા, કોઈટીયા મયુર, ભરત રાવત, કલ્પેશભાઈ સોલંકી, રોહિતભાઈ પટેલ, અજય રોહિત, સોલંકી પાર્થ, સોલંકી શક્તિભાઈ, મેહુલભાઈ શેખાણી, અલ્પેશ સોલંકી, હીરાલાલ ગોહિલ, મહેન્દ્રભાઈ જોષી, આર્યન ગૌસ્વામી, રાજેશભાઈ માળી સહિત વિશાળ સંખ્યામાં કોંગી કાર્યકરો જોડાયા હતા.

## ધાનેરા વિધાનસભા કોંગ્રેસના ઉમેદવાર નથાભાઈ પટેલને વ્યાપક જનસમર્થન



તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા કોંગ્રેસ પક્ષના ઉમેદવાર નથાભાઈ પટેલને ગઈકાલે મોંડલ, કુંડી, નાનામેડા, અનાપુરગઢ વગેરે ગામોમાં ચુંટણી પ્રચાર દરમ્યાન ગામોમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજર રહી ઢોલ નગારા સાથે સ્વાગત કરી તેમને જંગી બહુમતિથી જીતાડવાની ખાત્રી આપેલ અને નથાભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ કામો યાદ કરી આગામી તા.૧૪/૧૨/૧૭ ના રોજ જંગી મતદાન કરી નથાભાઈ પટેલ જંગી બહુમતિથી વિજય બને તેવી તમામ ગ્રામજનોએ જાહેરમાં ખાત્રી આપેલ આમ મળી રહેલ જન સમર્થનથી ધાનેરામાં નથાભાઈ પટેલનો જંગી બહુમતીથી વિજય થશે અને આગામી ધાનેરાના ધારાસભ્ય પદે ચુંટાશે તેવું તેમને મળતા અપાર જન સમર્થનથી જણાઈ રહ્યું છે.

## બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના મહામંત્રી પદે નિયુક્તિ



ભરત સુંદેશા

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસ દ્વારા ડીસા તાલુકાના ભડથ ગામના યુવા અગ્રણી બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના મહામંત્રી પદે નિયુક્તિ કરાતા જિલ્લામાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં નવો જોમ-જુસ્સો આવ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીની અનુમતિથી બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ દ્વારા બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસના મહામંત્રી પદે ભડથ ગામના યુવા અગ્રણી અને વેપારી સ્વરૂપસિંહજી બાબુજી વાઘેલાની નિયુક્તિ કરાઈ છે. ઘણા સમયથી જીલ્લા મહામંત્રી પદનીખાલી જગ્યાએ કોંગ્રેસ દ્વારા જાગીરદાર ક્ષત્રિય સમાજના અગ્રણી એવા સ્વરૂપસિંહ વાઘેલાની નિયુક્તિ કરાતા સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં કોંગ્રેસના કાર્યકર્તાઓમાં આનંદની લાગણી છવાઈ છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી સમયે જ મહામંત્રી ની ખાલી બેઠક ભરી દેતા કોંગ્રેસને આ બાબતથી ચોક્કસ ફાયદો થશે.

આ પ્રસંગે જીલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, જીલ્લા ડેલીગેટ સંજયભાઈ દેસાઈ, પ્રદેશ કોંગ્રેસ ઓ.બી.સી. સેલના ઉપપ્રમુખ જગદીશભાઈ જોષી, શહેર કોંગ્રેસ મહામંત્રી શૈલેષ વ્યાસ, રાજુભાઈ મહેશ્વરી, વિનુસીંગજી સોલંકી, જોરાભાઈ નાયી, કનુભાઈ ત્રિવેદી, દેવુસિંહ વાઘેલા, જેણસીંગ વાઘેલા, રતનસીંગ વાઘેલા રંગતસીંગ વાઘેલા, વરસંગજી વાઘેલા, રોહિતભાઈ ત્રિવેદી, હરચંદભાઈ રબારી સહિત વિશાળ સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## ડીસાના અપક્ષ ઉમેદવારને ભડથ પંથકમાંથી વ્યાપક આવકાર



ડીસા

ડીસા વિધાનસભા બેઠકની ચૂંટણીને લઈ દિવસે ને દિવસે રાજકીય ગરમાવો તેજ બની રહ્યો છે. ત્યારે ડીસા બેઠક ઉપર અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવનાર બહાદુરસિંહ વાઘેલાએ તેમના સમર્થકો સાથે જોર શોરથી ચૂંટણી પ્રચાર શરૂ કરી દીધો છે.

અપક્ષ ઉમેદવાર બહાદુરસિંહ વાઘેલા ડીસા તાલુકા તમામ સમાજના આગેવાનોના આશીર્વાદ લઈ ચુંટણી જંગમાં ઝંપલાવ્યું છે. ગઈકાલે તેઓએ ભડથ ખાતે ચૂંટણી સભા યોજી હતી. જેમાં ભડથ સહિત આસપાસના ગામોમાંથી મોટી સંખ્યામાં આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહી બહાદુરસિંહ વાઘેલાને સમર્થન આપ્યુ હતું.

### પાલનપુરના પ્રકાશનગરમાં યુવકે ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

પાલનપુર

પાલનપુરના પ્રકાશ નગરમાં રહેતા એક ૨૬ વર્ષીય યુવકે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હોવાની ઘટના સામે આવી છે. પાલનપુરના પ્રકાશ નગરમાં રહેતો ૨૬ વર્ષીય મયૂર જીવણભાઈ સોમેસ્વરાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવી દીધું હતું. જેના મૃતદેહને પી.એમ. માટે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડી પાલનપુર પશ્ચિમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ડીસાના રસાણા ગામે ઓઈલમીલથી પરેશાન લોકોનો મતદાનનો બહિષ્કાર




(ભરત સુંદેશા)

**ઓઇલ મિલ દ્વારા કેમિકલયુક્ત પાણી છોડાતું હોઈ લોકો હેરાનગતિ ભોગવે છે : ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કારના બેનરો લગાવ્યા**

ડીસા

ડીસા પાલનપુર હાઈવે પર ડીસા તાલુકાના રસાણા ગામે આવેલ ખુશીયા ઓઈલ મિલના સંચાલકો દ્વારા કેમિકલ યુક્ત પાણી ગામના રસ્તા પર જાહેરમાં છોડી ગામ લોકોને હેરાન પરેશાન કરતા હોવા બાબતે અનેક રજૂઆતો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા હવે ગ્રામજનોએ મતદાન બહિષ્કારનો નિર્ણય કર્યો છે.

ડીસા પાલનપુર હાઈવે રસાણા ગામે શિવધામ સામે આવેલ ખુશીયા ઓઈલ મિલના સંચાલકો દ્વારા કેમિકલ યુક્ત પાણી ગામના રસ્તા પર જાહેરમાં છોડાતાં આજુબાજુ રહેતા લોકો પારાવાર પરેષની ભોગવી રહયા છે. તેના વિરુદ્ધમાં રસાણા ગ્રામજનોએ અગાઉ પણ મોટી રેલી નીકળી નાયબ કલેક્ટર,ડીસા અને જિલ્લા કલેક્ટર,બનાસકાંઠા ને લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું .પરંતુ આજ દિનસુધી કોઈ કાર્યવાહી ન થતા લોકો સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. ગ્રામજનોના જણાવ્યા અનુઆર રસાણા ગ્રામજનોએ વર્ષ ૨૦૧૩ થી આ લડત આપી રહ્યા છે જેની જાણ મુખ્યમંત્રી સુધી કરવામાં આવી છે.આ મિલના સંચાલકો દ્વારા મિલ માંથી નીકળતું કેમિલ્કલ યુક્ત પાણી રોડ પર ઠાલવવામાં આવી રહ્યું છે. જેના કારણે આજુબાજુના ખેતીની જમીનને મોટું નુકસાન થઈ રહ્યું છે.તેમજ મિલમાંથી નીકળતા ઘોંઘાટ થી બાળકોને ભણવામાં પણ મુશ્કેલીઓ ભોગવવી પડે છે જેથી બાળકોનું ભવિષ્ય પણ જોખમી રહ્યું છે.ગામ લોકોને ખાંસી, કફ અને ચામડીના રોગ જેવી બીમારીઓ થી પીડાઈ રહ્યા છે છતાં તંત્રનું પેટનું પાણી હલતું નથી.

તેથી આ બાબતે લોકો એકઠા થઈ મતદાનનો બાહિષ્કાર કરવાનો નિર્ણય કર્યો છે. જો આ સમસ્યાનો હલ કરવામાં નહીં આવે તો ગ્રામલોકોએ આવિસ્તારના ૧૫૦૦ થી વધુ વોટ ધરાવતા લોકો ચૂંટણીમાં મતદાન નહિ કરવાનો નિર્ણય લીધો છે અને તે અંગે ના બેનરો લગાવ્યા છે.

## સુરાણા પાસે ટ્રોલી સાથે ટ્રેક્ટર ખાઈમાં પલ્ટી ગયું



(અશોક શેઠ)

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સુરાણા ગામે બસ સ્ટેન્ડથી આગળ રૈયા તરફ જવાના ચાર રસ્તા પાસે તા.૩૦-૧૧-૨૦૧૭ના રોજ રાત્રીના ૨ વાગ્યાના સુમારે શિહોરી તરફથી દીઓદર તરફ આવી રહેલ ટ્રોલી સાથેનું મહીન્દ્રા ડી.આઈ. ટ્રેક્ટર કે જેમાં નવિન બોરમાં નાખવા માટે બનાવેલા માટીના ગોળા ભરીને આવી રહ્યું હતું ત્યારે સુરાણા ચોકડી પાસે રાત્રીના સમયે કોઈ અગમ્ય કારણોસર ડ્રાયવરની બેદરકારીના કારણે ચોકડી પાસે આવેલા ઘર નાળામાં ટ્રેક્ટર ટોલી સાથે ખાબકેલ જેમાં ટ્રેક્ટર પલ્ટી ખાઈ જતાં ડ્રાયવરને ગંભીર ઈજાઓ થવા પામેલ હોવાનું જાણવા મળેલ છે.

## પાટણમાં પ્રજાના પ્રશ્નો સાંભળવા ધારાસભ્યએ એક પણ દિવસ ફાળવ્યો નથી

**પાટણની જનતા વર્તમાન ધારાસભ્યથી નારાજ**

જિલ્લા પ્રતિનિધિ પાટણ

એક હકીકત છે કે પાટણના ધારાસભ્ય રણછોડભાઈ પાસે શહેરની જનતાને જે પ્રશ્નોની અપેક્ષા હતી. તે અપેક્ષાઓ પરિપૂર્ણ થઈ નથી. જાહેર જનતાનો અવાજ સાંભળવાનું કોઈ આયોજન કરેલ નથી. કે કાર્યાલય ખોલીને બેઠા નથી.

કેટલીક લેખિત રજુઆતો શહેરના જાગૃત નાગરિક અમૃતભાઈ દેસાઈએ શહેરની સમસ્યાઓના નિવારણ અંગે જણાવેલ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી, જિલ્લા પ્રમુખ મોહનભાઈ પટેલ, કે.સી.પટેલ (પ્રદેશ મહામંત્રી) વગેરે હોદ્દેદારોને જાહેર હિતના પ્રશ્નો સંદર્ભે લેખિત જાણકારી કરી હોવા છતાં પરિણામ કંઈ આવ્યું જ નથી.

પાટણ શહેરમાં ચોમાસા દરમ્યાન ચારેકોર પાણી પ્રવેશવાના રસ્તાઓ છે. ઘણા વિસ્તારો બેટ જેવા નજરે પડતા હોય છે. મોટાભાગના રસ્તાઓ પર વરસાદી પાણીનો ભરાવો થતાં તે રસ્તા બંધ થઈ જાય છે. ઉદ્યોગ ક્ષેત્રે કોઈ વિકાસ બાબતનું આયોજન આજદિન સુધી થયું નથી. સામાન્ય જનોને રોજીરોટીનો પ્રશ્ન જૈસે થે જેવો જણાય છે.

જ્યારે ધારાસભ્ય દ્વારા રેલ્વે બાબતના જે પ્રશ્નો હલ થવા જોઈએ તે થયા નથી. ત્યારે નવી ટ્રેનોની અપેક્ષા કેવી રીતે રાખી શકાય.

વિકાસ થયો માત્ર અસામાજીક પ્રવૃત્તિઓનો રોજ સોનાના દોરાની ચીલઝડપ, ઘરફોડ ચોરીઓ અને અસંખ્ય ગેસ્ટા હાઉસોમાં વેશ્યાવૃત્તિ ચાલે છે. લોક દરબારમાં દર ચોથા શનિવારે રજુઆતો થાય છે. પરંતુ કોઈ પ્રશ્નોનું નિરાકરણ આપ્યું નથી. આશ્ચર્યની વાત એ છે કે ધારાસભ્યએ પ્રજાના પ્રશ્નો સાંભળવા એક પણ દિવસ ફાળવ્યો નથી.

ડીએસપી હસ્તક શહેરમાં કાયદો- વ્યવસ્થા જળવાય તેવો કોઈ કાર્યક્રમ ઘણા વર્ષોથી થયો નથી. માત્ર ધારાસભ્યની આગળ પાછળ ફરતા કાર્યકરોના જ કામો થાય છે, આ અંગે જાગૃત નાગરિક અમૃતભાઈ દેસાઈએ ભારે રોષ વ્યક્ત કરેલ છે. જેની સીધી અસર વિધાનસભા ચૂંટણી ઉપર થશે. પાટણની જનતામાં વર્તમાન ધારાસભ્ય પ્રત્યેની નારાજગી ચૂંટણીમાં છવાશે.

### શેરપુરાના પ્રૌઢએ વખ ઘોળ્યું

પાલનપુર

વડગામ તાલુકાના શેરપુરા ગામના પ્રૌઢએ અગમ્ય કારણોસર વખ ઘોળી જીવન ટૂં-કાવી દીધું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.

વડગામ તાલુકાના શેરપુરા ગામના ૭૬ વર્ષીય ગંગારામ તળશીભાઈ પ્રજાપતિએ અગમ્ય કારણોસર વખ ઘોળતા તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ માં ખસેડાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. દરમિયાન, પોલીસે મૃતકના મૃતદેહને પોષ્ટમોર્ટમ માટે પાલનપુર સિવિલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## તંત્રી સ્થાનેથી ...

### ભય અને દંડથી ક્યારેય પાપ બંધ નથી થતા.

# ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં વિલંબ કેમ?

ચૂંટણી લોકસભાની હોય કે વિધાનસભાની આ ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજકીય પક્ષો દ્વારા કેટલાક મુદ્દાઓને લઈને ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં આવતો હોય છે. જેમાં ખાસ કરીને વિકાસ બાબતના પ્રશ્નો, ખેડુતોના દેવા માફીનો મુદ્દો, મોંઘવારી ઘટાડવાનો પ્રશ્ન, તેમજ જનતાના વિવિધ પ્રશ્નો હલ કરવાની વાત ચૂંટણી ઢંઢેરામાં હોય છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ વખતે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ કોંગ્રેસ કે અન્ય પક્ષો દ્વારા ચૂંટણી ઢંઢેરાનું કોઈ જ ઠેકાણું નથી. હવે ચૂંટણી આડે માત્ર ૮-૯ દિવસો રહ્યા છે.

ચૂંટણી ઢંઢેરા માટેનું મુહુર્ત ક્યારે આવશે તે પણ કઈ નક્કી નથી. વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણી માટે ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાં ભાજપ કે કોંગ્રેસ શા માટે મોડુ કરે છે તેવા અનેક સવાલો ચર્ચાની એરણ પર છે.

ગત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ એ પ્રથમ તબક્કાના ૧૩ ડિસેમ્બરના રોજ મતદાનના ૧૦ દિવસ પહેલાં પોતાના મેનોફેસ્ટો સંકલ્પ પત્રના સ્વરૂપે જાહેર કર્યો હતો. જ્યારે કોંગ્રેસે તેના બીજા દિવસે જાહેર કર્યો હતો. કોંગ્રેસે તેનો મેનિફેસ્ટો ૫ મી ડિસેમ્બર સુધીમાં જાહેર કરશે. જ્યારે ભાજપ તરફથી કોઈ તારીખ નક્કી થઈ નથી. ભાજપના આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર ભાજપ આ બાબતે ખુબ જ સમજી વિચારીને મોડુ કીર રહ્યો છે. ગત ચૂંટણી ઢંઢેરામાં જાહેર કરેલા સંકલ્પોમાંથી કેટલાક પુરા થયા હતા અને કેટલાક અધૂરા રહ્યા. એ અંગે ચર્ચા કરવાની લોકોને તેમજ વિપક્ષોને બને તેટલી ઓછી તક મળે તેવું આયોજન હોવાનું મનાય છે.

ભાજપના સંકલ્પ મુજબ ગરીબલક્ષી યુવાનોને રોજગાર, કૃષિને લગતા ખેડુતોના પ્રશ્નો, અંતર માળખાકીય સુવિધાઓ, શિક્ષણ અને આરોગ્ય જેવા મુદ્દાઓ પર કેન્દ્રિત હશે. વર્તમાન સંજોગોમાં યુવાનોને રોજગારી મળે તે મહત્વનો પ્રશ્ન છે. બેકાર બેઠેલા શિક્ષિત યુવાનોને સરકારી કોઈપણ પોસ્ટની નોકરી ફાળવવામાં આવે તે બાબતે સરકારે વિચારવું જોઈએ. આરોગ્ય બાબતે સરકારે ગંભીર બનવાની જરૂર છે. સરકારી હોસ્પિટલોમાં ડૉક્ટર અને અન્ય સ્ટાફ નિયમિત આવે અને ગરીબ- મધ્યમ વર્ગના લોકોને હોસ્પિટલમાંથી જ દવાઓ ઉપલબ્ધ થાય તેવો નિયમ હોવા જોઈએ. મોટાભાગે ડૉક્ટર બહારની દવાઓ લખી આપતા હોય છે. તેથી ગરીબ દર્દીને દોઢસોથી બસ્સો રૂપિયાની દવા બહારથી ખરીદવી પડતી હોય છે. ક્યારેક અમુક ટેસ્ટો માટે ડૉક્ટર બહારની ખાનગી હોસ્પિટલમાં કરાવવા માટે જણાવતા હોય છે. સોનોગ્રાફી કે ગમે તે ટેસ્ટની સુવિધા સરકારી હોસ્પિટલમાં જ મળવી જોઈએ.ત્યારે સરકાર દ્વારા ગરીબલક્ષી યોજનાઓનો કોઈ તોટો નથી. પરંતુ કેટલા ટકા ગરીબોને યોજનાઓનો લાભ મળે છે. તે બાબતે સરકારે દર મહિને સમીક્ષા કરવી જોઈએ. ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોની સંખ્યા કેટલી છે તે બાબત આજદિન સુધી નક્કી થઈ શકી નથી.

ભાજપના મેનિફેસ્ટો કમિટિના વડા જયનારાયણ વ્યાસનું કહેવું છે કે ગુજરાતમાં વિકાસની ગતિ વધુ તેજ બનાવાશે. તે વાત બરાબર પરંતુ વિપક્ષ કોંગ્રેસને કેમ કંઈ વિકાસ દેખાતો નથી? વ્યાસના જણાવ્યા મુજબ ગુજરાતે જે વિકાસની ગતિ પકડી છે તે વધુને વધુ તેજ બને તે મુજબનું સંકલ્પપત્ર રહેશે. ત્યારે બીજી તરફ કોંગ્રેસના એક પ્રવક્તાના જણાવ્યા અનુસાર ભાજપના ૨૨ વર્ષના શાસનમાં ગુજરાતની પ્રજા ત્રસ્ત થઈ ચુકી છે. આ બાબત માની શકાય ખરી? જો ગુજરાતની પ્રજા ત્રસ્ત હોત તો વારંવાર ભાજપને શા માટે લાવી હશે? ભાજપના જયનારાયણ વ્યાસે ગત સપ્ટેમ્બરમાં જણાવ્યું હતું કે મેનિફેસ્ટો બનાવવામાં આવશે અને તેને સપ્ટેમ્બરના અંત કે ઓક્ટોબરમાં લોકો સમક્ષ મુકવામાં આવશે. પરંતુ હવે તો ડિસેમ્બરનો પ્રારંભ થયો છે ત્યારે ભાજપ કે કોંગ્રેસ ચૂંટણી ઢંઢેરા બહાર પાડશે કે કેમ તે એક સવાલ આજે સવાલ બનીને રહી જવા પામ્યો છે!

*"ભગવદ ગીતા સંપૂર્ણ માનવ જાતિના ઉત્કર્ષ માટે છે"*

## ગીતાના જ્ઞાનનો લાભ જનસમુદાય સુધી પહોંચાડવા કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર પ્રતિબદ્ધ

હિંદુ પંચાગ અનુસાર માગશર માસના શુક્લ પક્ષની એકાદશી એટલે ગીતા જયંતી તરીકે ઉજવવામાં આવે છે. ગીતા એક સનાતન અને શાશ્વત ગ્રંથ છે. આ ગીતાના જ્ઞાનનો લાભ સૌને મળી શકે તે માટે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર દ્વારા દર વર્ષે મોટાપાયે ભગવદ ગીતાનું આયોજન કરવામાં આવે છે."ગીતાને ખૂબ જ પવિત્ર ગ્રંથ માનવામાં આવે છે. આ ગ્રંથ કોઈ સમય, ધર્મ, સંપ્રદાય અથવા જાતિ વિશેષ માટે નહી પણ સંપૂર્ણ માનવ જાતિના ઉત્કર્ષ માટે છે. શ્રી ઈન્દ્રવદન મોદી તેમનું સમગ્ર જીવન હંમેશા ભગવદ ગીતામાં દર્શાવેલા સિદ્ધાંતો અનુસાર જીવ્યા હતા. તેમના જીવનના દરેક કાર્યમાં ગીતાના સિદ્ધાંતોનું પ્રતિબિંબ પડતું હતું. તેમણે ગીતાને આત્મસાત કરી હતી. તેઓ ઈચ્છતા હતા કે સમાજના લોકો ગીતાના જ્ઞાનને અનુસરે અને તેમની આધ્યાત્મિક ઉન્નતિ થાય. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ ગીતા જીવન સંહિતા-ચિંતન સત્ર થકી શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની આ આધ્યાત્મિક પહેલને આગળ ધપાવવા માટે પ્રતિબદ્ધ છે." દર વર્ષની જેમ આ વર્ષે પણ કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવનારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યતિથિ નિમિત્તે ૨૦-૨૬ નવેમ્બર, ૨૦૧૭ દરમિયાન 'ગીતા-જીવન સંહિતા, અસ્તિત્વનો ઉત્સવ – શ્રીકૃષ્ણની સાથે'નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા પર સાંજે ૪.૦૦થી ૭.૦૦ વચ્ચે યોજાયેલા સાત દિવસના આ આધ્યાત્મિક ઉત્સવ દરમિયાન પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ચોથા અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગનું ચિંતનાત્મક પ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં તેમણે જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન કર્યું હતું. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર દ્વારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીને અંજલિ આપવા માટેની આ એક ઉમદા સામાજિક પહેલ હતી.

### આત્મચિંતન

## આનંદ

આનંદ-સુખ અને દુ:ખથી અલગ અંતર્ચેતનાની એક ભિન્ન અવસ્થા છે. સુખ તો એક જાતની ઉત્તેજના છે. તેવી જ રીતે દુ:ખ પણ એક ઉત્તેજના છે. આપણે પ્રિય ઉત્તેજનાઓને સુખરૂપે અને અપ્રિય ઉત્તેજનાઓને દુ:ખ રૂપે અનુભવીએ છીએ. આનંદ આ બંને પ્રકારની સંવેદનાઓથી જુદો છે. તે ઉત્તેજનાની નહી પણ શાંતિની અવસ્થા છે.

સુખની ઈચ્છા રાખનાર સતત દુ:ખમાં પડે છે. કારણ કે એક ઉત્તેજના પછી બીજી વિપરીત ઉત્તેજના સહજ અનિવાર્ય છે.જેમ કે પર્વતો સાથે ખીણો હોવી અનિવાર્ય છે જેમ આ દિવસ સાથે રાત હોવા જેવુ છે. પરંતુ જે સુખ અને દુ:ખ બંને છોડવા તત્પર અને તૈયાર થઈ જાય છે તે એ આનંદ પામે છે, જે સનાતન અને શાશ્વત છે.

આત્મામાંથી ઉપજતા સહજ વાસ્તવિક આનંદને બદલે જેઓ વસ્તુઓ અને વિષયોમાંથી મળતા સુખને ઓળખ્યા વિના અપનાવી લે છે. તેઓ જીવનસંપત્તિ ગુમાવી દુ:ખના ચક્કરમાં પડે છે. સુખ અને દુ:ખથી ભિન્ન આનંદ તો જીવન સાધનાને પરિણામ પ્રાપ્ત થાય છે. - **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## "ચકોર પહેલાં કરતાં વધારે મજબૂત હશે" :મીરા દેવસ્થલે



દર્શકોના મનપસંદ શો "ઉડાન"ની કહાણીમાં ૫ વર્ષની ફાળ ભરવામાં આવશે. 'કલર્સ' ચેનલના આ શોમાં ફાળ ઉપરાંત સૌની ચહેતી ચકોર, સૂરજ અને દુષ્ટ ઈમલી...સૌ નવા નવા અંદાજમાં દેખાશે અને તેઓના પરસ્પરના સબંધોમાં ધરતી–આસમાન જેવું અંતર આવશે. આમના ગામ આઝાદગંજની શું હાલત હશે, ચકોરને કેવી સ્થિતિઓમાંથી પસાર થવું પડશે... આવો પૂછીએ છે ચકોર એટલે કે મીરા દેવસ્થલેપાસેથી

૧. ફાળ ઉપરાંત ચકોરમાં શું પરિવર્તન આવશે?

– ફાળ ભરતાં અગાઉ ચકોર જેલમાં ચાલી ગઈ હતી. જયારે તે ૫ વર્ષ પછી પાછી ફરે છે તો તેને લાગે છે કે કમલ નારાયણના મર્ડ પછી આઝાદગંજ ગુલામી અને દાસ–પ્રથામાંથી થી આઝાદ થઈ જશે. પણ પાછા ફરવા પર તે જુએ છે કે આઝાદગંજની સ્થિતિ તો વધુ ખરાબ થઈ ગયેલ છે. એમાં એની કટ્ટર દુશ્મન ઈમલીનો કબ્જો છે. સૌથી મોટા આંચકાની વાત તો એ છે કે જે સૂરજને તે પોતાનો સમજતી હતી, જે તેણીની તાકાત હતો, તે તેણીને ઓળખવા સુદ્ધાંથી નકાર કરી દે છે. તે ઈમલીનો ગુલામ બની ગયેલ છે. ઈમલીના ઈશારા પર તે ગામવાસીઓ પર અત્યાચાર કરે છે. આનાથી ચકરો પૂર્ણપણે ભાંગી પડે છે. પરંતુ ટૂંક સમયમાં જ તેણી પોતાને એક નવી લડત માટે તૈયાર કરી લે છે.

૨. ફાળ ભર્યા પછીની કહાણીના પાત્રોને જીવવામાં કેવુંક લાગે છે?

– એવું લાગી રહેલ છે કે હવે 'ઉડાન' નહીં, કોઈક નવી સીરિયલ કરી રહેલ છું. કહાણી અને પાત્રોમાં એટલું પરિવર્તન આવી ગયેલ છે. કયારેક–કયારેક વચારું છું કે ચકોરની સાથે જે થયું તે, એવું કાંઈક મારી સાથે થાય તો ખબર નહીં શું કરી દઉં.

## સ્કાય બેગ્સના નવા મિરાજ કલેક્શનની સાથે સ્ટાઈલથી સફર કરવા માટે થઈ જાઓ તૈયાર



વી.આઈ.પી ઈન્ડ્સ્ટ્રીઝના સ્ટાઈલિશ યુથ બેગ્સ બ્રાન્ડ સ્કાય બેગ્સએ ટ્રોલી બેગ્સની મિરાજ રેંજ પેશ કરી છે. સ્કાયબેગ્સ આજના જમાનામાં યુવાનો માટે પસંદગીની લગેજ બ્રાન્ડ છે.વી.આઈ.પી ઈન્ડસ્ટ્રીઝના આ બ્રાન્ડ દ્વારા સ્ટાઈલથી સફરનો આનંદ ઉઠાવવા માટે ડિઝાઈનર ટ્રૈવેલ સ્ટ્રોલીઝના એક બેમિસાલ નવા કલેક્શન ને પ્રસ્તુત કર્યા છે.આ કલેક્શનમાં કમ્ફર્ટ અને કંટેમ્પરરી ડિઝાઈનોનું પરફેક્ટ મિશ્રણ જોવા મળે છે. બ્રાન્ડે મશહુર રિયાલિટી ટીવી શો બિગ બોસની સાથે એક સહકાર દ્વારા નવા કલેક્શનની રેંજ પેશ કરી.તમારા નજીકના વી.આઈ.પી સ્ટોરની મુલાકાત લો અને જલ્દી જ નવા મિરાજ કલેક્શનને તમારું બનાવો

## ફોરએવર ૨૧ દ્વારા અમદાવાદમાં નવા સ્ટોરનો પ્રારંભ થશે

અમદાવાદ

કેલિફોર્નિયામાં લોસ એન્જલસ ખાતેની સૌથી વધુ પસંદગી પામતી ઈન્ટરનેશનલ ફાસ્ટ ફેશન બ્રાન્ડ્સ ફોરએવર ૨૧ અને આદિત્ય બિરલા ફેશન તથા રિટેલ લિ.ના હિસ્સા સમાન ફોરએવર ૨૧ના પ્રથમસ્ટોરનું અમદાવાદમાં ઉદઘાટન થશે. આ સ્ટોર જાજરમાન બોલિવૂડ એક્ટ્રેસ વાણી કપૂર દ્વારા લોન્ચ થશે અને ૧૦ નસીબદાર ગ્રાહકો કે જેઓ યેલો અને બ્લેક વસ્ત્રોમાં સજ્જ હશે તેઓ ફેન મોમેન્ટ જીતીને આ અભિનેત્રીને મળવાની તક પ્રાપ્ત કરી શકશે. ૨ ડિસેમ્બર ૨૦૧૭, શનિવારના રોજ ફોરએવર ૨૧ સ્ટોર, વિવાન સ્કવેર, અમદાવાદ ખાતે બપોરે ૧૨ કલાકે ઉપસ્થિત રહેશે.

આ ઉજવણી સાથે ફોરએવર ૨૧ દ્વારા તેના પ્રથમ નસીબદાર ૨૦૦ ગ્રાહકોને રોમાંચક ઓફર્સ આપશે. પ્રથમ ૧૦૦ ગ્રાહકોને રૂ. ૧૦૦૦ સુધીનું ખાસ ડિસ્કાઉન્ટ મળશે અને ત્યારપછીના ૫૦ ગ્રાહકોને રૂ. ૫૦૦ તથા ત્યારપછીના ૫૦ ગ્રાહકોને ખરીદી પર રૂ. ૨૫૦નું ડિસ્કાઉન્ટ મળશે.

## કપિલ શર્મા "ઓય ફિરંગી"ના અન્ય એપિસોડ સાથે પરત ફરે છે



ફોટો : શાંતી શાહ

કપિલ શર્મા પોતાની આગામી ફિલ્મ "ફિરંગી"ના પ્રમોશન માટે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર "ઓય ફિરંગી"ના અન્ય એક સ્પેશિઅલ એપિસોડ સાથે પરત ફરે છે.કપિલ શર્મા આ વખતે ફિલ્મના સંગીત સાથે સંકલાયેલ મહેમાનોને લાવ્યા હતાં. આ એક સંગીતમય એપિસોડ હતો, જે જોવો મૂલ્યવાન છે.દલેર મહેંદી, જતિંદર શાહ, નેહા ભસીન, રાજીવ ઢિંગરા અને મમતા સોનીએ લોકોને ખૂબ મનોરંજિત કર્યા.જ્યોતી નૂરાહએ પણ સ્પેશિઅલ પર્ફોર્મન્સ આપ્યું. કીકુ શારદાએ પોતાની પંચ લાઈન્સ વડે દર્શકોને ખૂબ મનોરંજિત કર્યા જ્યારે, રાજીવ ઠાકુર અને ચંદન પ્રભાકરે પોતાના જોક્સ વડે લોકોને હસવા પર મજબૂર કરી દીધાં.

## શાઓમી દ્વારા રૂ. ૪૯૯૯ની અતુલનીય કિંમતથી આરંભ કરતાં ભારતમાં રેડમી ૫એ લોન્ચ કરાયો



ભારતની નં. ૧ સ્માર્ટફોન બ્રાન્ડ શાઓમીએ આજે રૂ. ૪૯૯૯ની શરૂઆત કરતાં રેડમી ૫એ લોન્ચ કર્યો હતો. ૫ ઈંચનો રેડમી ૫એ મેટાલિક મેટ ફિનિશ સાથે આવે છે અને સ્ટોરેજ વિસ્તરણ માટે તેમાં સમર્પિત માઈક્રો એસડી કાર્ડ સ્લોટ છે.૮ દિવસ સુધી સ્ટેન્ડબાય ટાઈમ આપતો રેડમી ૫એ અત્યંત લોકપ્રિય અને લોન્ચના આઠ મહિનામં ચાર મિલિયન યુનિટ્સની ખપત થઈ તે રેડમી ૪એનો અનુગામી છે. રેડમી ૫એ ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી ઘણા બધા બધા લોકોને પહોંચક્ષમ બનાવવાના શાઓમીના એકધાર્યા પ્રયાસોનો ઉત્તમ દાખલો છે.ક્વેલકોમ સ્નેપડ્રેગન ૪૨૫ ક્વેડ - કોર પ્રોસેસર દ્વારા પાવર્ડ રેડમી ૫એ ઝડપથી અને સહજ કામગીરી પ્રદાન કરે છે. ફોન ૨+ ૧ કાર્ડ સ્લોટ સાથે આવે છે, જે બે ૪જી નેનો સિમ કાર્ડસ અને ૧૨૮ જીબી સુધી માઈક્રો એસડી કાર્ડનો સાગમટે ઉપયોગ કરવાને ટેકો આપે છે, જે વિશિષ્ટતા ભારતમાં મી ચાહકોની ઉપયોગની આદતોને ધ્યાનમાં લઈને કસ્ટમાઈઝ્ડ કરાઈ છે. રેડમી ૫એ ૫ ઈંચ ફુલ્લી લેમિનેટેડ એચડી ડિસ્પ્લે ધરાવવાસ સાથે ૩૦૦૦ એમએએચ દીર્ઘ ટકાઉ બેટરી ધરાવે છે.

## ગ્રાન્ડ માસ્ટર મિથુન દા છોટે ભગવાન જાયસકુમાર પાસેથી આશીર્વાદ માંગે છે

ઝી ટીવીનો લોકપ્રીય રીયાલીટી શો ડાન્સ ઈન્ડીયા સીઝન ૬ પોતાની સુપરલેટીવ પ્રતીભા અને મનોરંજક પરફોર્મન્સીસ વડે સફળતાપુર્વક દર્શકોનું ધ્યાન ખેંચી રહેલ છ.ડીઆઈડી ૬ નો આવી રહેલ એપીસોડ ચેલેન્જર તરીકે અને પ્રતીસ્પર્ધીઓના નૃત્ય કૌશલ્યોને ટેકનીક, ટશન અને તરકીબ આ ત્રણ પરીણામો પર ચકાસવા માટે નિપુણ કોરીયોગ્રાફર અહેમદ ખાનને શો પર આવતાં જોશો. તેઓની સાથે મહેમાન તરીકે સારે ગામા પા લી લ ચેમ્પ્સનો પ્રતીસ્પર્ધી અને મનોરંજન પટાકા જાયસકુમાર પણ જોડાય છે. જાયસે આ તકનો લાભ લોકપ્રીય ગીત ડીસ્કો ડાન્સર ગાઈને લીજેન્ડરી સ્ટાર અને ગ્રાન્ડ માસ્ટર મીથુન દા ની પ્રશંસા કરવા લીધો. મીથુન દાએ જાયસ ઉર્ફે છોટે ભગવાનને પોતાની આશીર્વાદ આપવા પણ કહ્યું અને તેમને અનુસરતાં તેના આશીર્વાદ લેવા પ્રતીસ્પર્ધીઓ પણ હરોળમાં આવી ગયા.

વધુરસપ્રદ ક્ષણો માટે શનીવારે રાત્રે ૯ કલાકે ડાન્સ સીઝન ૬ સાથે જોડાયેલા રહો ફક્ત ઝી ટીવી પર.

## કેતકી દવે અને અપરા મહેતાની દીકરીઓ "રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ" પર સ્પર્ધા કરશે



કલર્સના રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગના આ અઠવાડિયાના એપિસોડમાં, આપણી પાસે રીલ અને રિઅલ લાઈફની માતાઓ–અપરા મહેતા અને કેતકી દવેને–તેઓની સુંદર દીકરીઓ ખુશાલી મહેતા અને રિદ્ધિ દવે સાથે અનવરુદ્ધ ધમાલ જોઈશું.પડદા પરની લોકપ્રિય માતાઓ, અપરા મહેતા અને કેતકી દવેની દીકરીઓ એક બીજાની સાથે સ્પર્ધા કરશે. તેઓની દીકરીઓ પડકાર ઝીલે તેઅગાઉ જ તેઓનું આંતરિક ફિલ્મી સ્વત: છવાઈ જશે. કેતકી દવે અને અપરા મહેતા પોતાની દીકરીઓને લાગણીગત રીતે બ્લેકમેલ કરતી જોવા મળશે, જેમ કે ૬૦ના દાયકાની ડ્રામેટિક બોલીવુડ માતાઓ કરતી, પોતાના શબ્દો વડે – યે તુમ્હારી મૉંકી ઈઝઝત કા સવાલ હૈ અને ખાનદાન કા નામ રોશન કરના.

આજની તારીખ સુધી, રસોઈ કી જંગ મમ્મીયોં કે સંગ વિખ્યાત હસ્તીઓની માતાઓને શોનો ભાગ બનતા જોઈ રહેલ હતો, પણ જયારે ડ્રામેટિક સેલિબ્રિટી માતાઓ પોતાની દીકરીઓ સાથે શોનો ભાગ બને છે તો શું થાય છે? ડ્રામા, પ્રેમથી રાંધેલ વાનગી અને પુષ્કળ ડાન્સિંગ – રસોઈ કી જંગ મમ્મીયોં કે સંગનો આવી રહેલ એપિસોડ આ તમામ અને ઘણાં બધા અંગેનો હશે.

વધુ કિચન મસ્તી માટે, જોતાં રહો 'રસોઈ કી જંગ, મમ્મીયોં કે સંગ' દર રવિવાર બપોરે ૧-૦૦ કલાકે ફક્ત કલર્સ પર!

## સેવા ફેડરેશને સહકારિતાની તેની ૨૫ વર્ષની નોંધપાત્ર યાત્રાની ઉજવણી કરી

ફોટો : શાંતી શાહ



અમદાવાદ

'સેવા સહકારી સંઘ' (ફેડરેશન)એ રાજયભરમાંથી આવેલ ૨૦૦ થી વધુ બહેનો સાથે ૩૦મી નવેમ્બર,૨૦૧૭ના રોજ તેની રજત-જયંતી ઉજવી. ફેડરેશને મહિલાઓને સંગઠિત કરી અને મહિલાઓની પ્રાથમિક મંડળી તરીકે નોંધણી કરાવી છે. મહિલા મંડળીઓના ચૂંટાયેલ કારોબારીને મંડળી ચલાવવા માટે મદદ પૂરી પાડી છે. તેમજ મંડળીઓના શક્તિવિકાસ તેમજ સંચાલન માટે વિવિધ તાલીમો તથા શૈક્ષણિક પ્રવાસ દ્વારા સહકાર અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ફેડરેશને નીતિમાં બદલાવ માટે પણ નોંધપાત્ર કામ કર્યું છે. 'નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન'(એનસીડીસી) દ્વારા મહિલા મંડળીઓને નાણાકીય સેવાઓ પહોંચાડવા માટેની પ્રક્રિયા સરળ બનાવવામાં ફેડરેશને અગત્યની ભૂમિકા ભજવી છે. ફેડરેશને મહિલા મંડળીઓને નડતી અનેક મુશ્કેલીઓની વાત ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા નીતિ ઘડનાર સુધી પહોંચે તેવા પ્રયત્નો કર્યા જેથી કરીને વિકેન્દ્રિત તથા સભ્ય-આધારિત આર્થિક સંગઠનો માટે અનુકૂળ વાતાવરણ ઊભું થાય. ફેડરેશન, અસંગઠિત ક્ષેત્રની ૧૫ લાખ શ્રમજીવી બહેનોના રાષ્ટ્રીય યુનિયન 'સેવા' (સ્વાશ્રયી મહિલા સેવા સંઘ) દ્વારા પ્રેરિત છે. 'સેવા'એ મંડળીઓના નેજા હેઠળ શ્રમજીવી બહેનોને સંગઠિત કરીને ૧૯૯૨માં બહેનોનું પોતાનું ફેડરેશન રચ્યું તેમ જ મંડળી તરીકે તેની નોંધણી પણ કરાવી. આજે 'ગુજરાત રાજ્ય મહિલા સેવા સહકારી સંઘ'માં ગુજરાતની ૧૦૬ સભ્ય મંડળીઓ છે.સેવા સહકારી સંઘ એ કામ તથા આવકની સલામતી, આહારની સલામતી તથા સામાજિક સલામતી સાથેના પૂર્ણ રોજગાર દ્વારા સ્વરાજ પ્રાપ્ત કરવાની 'સેવા'ની વિચારધારાને અનુસરે છે. ખેતીકામ, ડેરી ઉદ્યોગ, કલા-કારીગરી, સેવાઓ, બચત-ધિરાણ, બાંધકામ અને ઘરેલુ કામ જેવાં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી મંડળીઓને ફેડરેશને આવરી લીધેલ છે.

સેવા ફેડરેશને ૩૦મી નવેમ્બરના રોજ તેની રજત-જયંતી ઉજવી, તે પ્રસંગે 'સેવા' અને 'સેવા ફેડરેશન'નાં સ્થાપક ઈલાબહેન ભટ્ટે મંડળીઓ અને ફેડરેશન વિકસાવવાના તેમના દ્રષ્ટિકોણ અંગે વાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે, સભ્ય-આધારિત, સભ્યોનાં પોતાનાં સંગઠનો 'અનુબંધ' માટે ચાવીરૂપ છે. 'સ્વરાજ'નો તેમનો દ્રષ્ટિકોણ 'રોટી, કપડાં, મકાન' તેમ જ નાણાકીય, આરોગ્ય અને શૈક્ષણિક એમ ત્રણ પ્રાથમિક સેવાઓ, સ્થાનિક સ્તરે, આર્થિક અને પર્યાવરણીય રીતે ટકાઉ તથા મહિલાઓ દ્વારા સંચાલિત હોય તે જરૂરી છે.

## બાળકોના માનવ અધિકારોને પૂર્ણ રક્ષણ

સર્વોચ્ચ અદાલતે તાજેતરમાં એક શકવર્તી ચુકાદાથી ૧૫ થી ૧૮ વર્ષી પત્ની સાથે - સહશયન ફોજદારી ગુનો જાહેર કરેલ છે. સર્વોચ્ચ અદાલતે પોતાના ચુકાદામાં કહ્યું કે પરિણીત અને અપરિણીપ સ્ત્રી વચ્ચે કોઈપણ ભેદભાવ રાખવાનું મનસ્વી તરંગી અને બાળકીના અધિકારો વિરૂધ્ધ છે. તેનાથી બંધરણ અનુચ્છેદ ૧૪, ૧૫ અને ૨૧ નો ભંગ થાય છે.

બાળલગ્ન પ્રતિબંધક ધારો ૧૯૨૯,૨૬ થઈને ૨૦૦૭ માં નવો કાનૂન આપ્યો છે દેશામાં છેલ્લા ૮૮ વર્ષથી બાળલગ્ન પ્રતિબંધિત હોવા છતા, દેશના વિવિધ ભાગોમાં મોટાપાયે બાળલગ્નો યોજાય છે. ૨૧ મી સદીમાં ૨૩ લાખ બાળવધૂઓ હોવાનું અનુમાન છે. તેમાં ૩૦ ટકા બાળલગ્નો ૨૦૧૬ માં જ થયા છે. કમનસીબે ચોંકાવનારી બાબત એ છે કે કેટલાક કિસ્સાઓમાં બાળકીઓના લગ્ન મોટી ઉંમરની વ્યક્તિ સાથે સહશયનના અથવા ઘરેલુ કામકાજના હેતુથી ગોઠવાય છે.

બાળલગ્ન પ્રતિબંધક ધારાનો એક હેતુ માતા અને બાળકોનો મૃત્યુ દર અટકાવવાનો છે. બાળ લગ્ન અને પ્રસૂતિના કારણે માતાનુ મોત અને બાળ મૃત્યુ દર વચ્ચે ગાઢ સંબંધ છે. બાળકોનો કુપોષણ પ્રશ્ન અલગ છે. બાળલગ્નના કારણે નાની ઉંમરે બાળકી સગર્ભા બને છે. બાળકો ધરાવતી માતાઓમાંથી ૩૦ ટકા ૧૧ થી ૧૯ વર્ષની ઉંમરની છે. આટલી નાની ઉંમરની બાળા ગાર્ભધારણ માટે કે પ્રસૂતિ માટે શારીરિક રીતે પણ સક્ષમ હોતી નથી. ઉપરાંત નબળી બાળકીઓ નબળ બાળકને જન્મ આપે છે. આવા પ્રસંગે માતા અને બાળક બંને માટે જોખમ હોય છે. નવજાત બાળકોના ૫૦ ટકા મોત પ્રસૂતિ અથવા નબળાં બાળક જન્મના કારણે પેદા થતી ગુંચવણોના કારણે થાય છે.

નેશનલ ફેમીલી અને હેલ્થ સર્વે પ્રમાણે ૧૪ થી ૫૯ ઉમંરની ૫૦ ટકા પ્રસૂતિ સ્ત્રીઓ એનેમીક છે. આમોની અર્ધા ઉપરાંતની સ્ત્રીઓના લગ્ન ૧૮ વર્ષ પૂર્વે થયેલ હતા.આ પૈકી ૨૭ ટકા સ્ત્રીઓ એનેમીક છે. જે રાજયોમાં બાળલગ્નનું પ્રમાણ વધારે છે તે રાજયોમાં માતા અને બાળમૃત્યુ દર વિશેષ પ્રમાણમાં છે. દા.ત. મધ્ય પ્રદેશમાં દર ૧૦૦૦ બાળ જન્મે મોત થાય છે. તેના બાદ ઓરીસ્સા, આસામ, ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને રાજસ્થાનનો ક્રમ આવે છે. સર્વોચ્ચ અદાલતે, પોતાના ચુકાદામાં, બાળલગ્ન અને માતા તેમજ બાળકના શારીરિક અને માનસિક વિકાસ વચ્ચેના સંબંધને સ્વીકૃતિ આપી છે. ચુકાદામાં કહેવાયું છે. '' બાળકીના વહેલા લગ્ન તેણી અથવા નવજાત બાળકના મૃત્યુનું એક કારણ બને છે. બાળલગ્નથી પ્રસૂતા બનેલ માતાઓથી તેમના શારીરિક તેમજ બાળકના શારીરિક - માનસિક વિકાસ માટે વિવિધ જોખમો પેદા થાય છે. કમનસીબે આવાં બાળકોની માનવ તસ્કરી પણ થાય છે.''

બાળલગ્ન પ્રતિબંધક ધારા તેમજ હિદુ લગ્નધારો અને વિશિષ્ટ લગ્ન ધારા હેઠળ લગ્ન માટે યુવતીની લઘુત્તમ ઉંમર ૧૮ અને યુવકની લઘુત્તમ ઉંમર ૨૧ નિયત કરાયેલ હોવા છતાં, દેશના વિવિધ ભાગોમાં વ્યાપક પ્રમાણમાં બાળલગ્નો થાય છે. હકીકતમાં કાયદાઓમાં અનેક વિસંગતતાઓ રહેલી છે બાળાલગ્નો પ્રતિબંધક ધારાથી બાળલગ્ન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાયો નથી. આ કાયદાથી બાળલગ્ન વ્યર્થનીય અને અમુક સંજોગોમાં જ વ્યર્થ ઠરાવાયા છે. બસજસ દષ્ટિએ જોઈએ તો હિંદુ લગ્ન તેમજ મુસ્લિમ કાયદા હેઠળ બાળલગ્ન ગેરકાનૂની બનતા નથી. ખરેખર આ બાળકોના માનવ અધિકારોનું ખુલ્લું ઉલ્લંઘન છે. કારણ કે બાળલગ્નથી ખાસ કરીને બાળકીના આરોગ્ય, કલ્યાણ, વિકાસ અને ગૌરવને નકારાત્મક અસર ઉભી થાય છે.

બાળલગ્ન રોગ સમાજમાં ઉંડે સુધી ઉતરી ગયેલ છે તેને માત્ર કાયદાથી નાબૂદ કરીશકાશે નહીં અખાત્રીજના દિવસે રાજસ્થાન અને ગુજરાતના કેટલાક ભાગોમાં જાહેરમા અનેક બાળલગ્નો નિર્વિધ્ને યોજાય છે. સરકાર આંખ આડા કાન કરે છે. અને તેની પાસે અસરકારક તંત્ર તેમજ ઈચ્છાશક્તિનો અભાવ છે. કેન્દ્ર સરકારે બાળલગ્નની પ્રણાલિકા સ્વીકૃત થયેલ હોવાથી તેને માન્ય રાખવા કરેલ દલીલ સર્વોચ્ચ અદાલતે નકારી દીધી છે. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી બાળલગ્ન પ્રતિબંધક ધારો, હિદુ લગ્નધારો તેમજ મુસ્લિમ કાયદામાં ફેરફાર કરી બાળલગ્ન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાવો જોઈએ. બેટી બચાવો, બેટી પઢાવો ઝુંબેશની બાળલગ્ન દર પર હકારાત્મક અસર થયાનું જણાતું નથી. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાના પગલે, બાળકોના અને ખાસ કરી, બાળકીઓના માનવ અધિકાર રક્ષણાર્થે, કાયદાથી સંપૂર્ણ પ્રતિબંધ એક માત્ર ઉપાય બાકી રહે છે. તેનાથી નાની ઉંમરની પ્રસૂતાઓ ,માતાઓ તેમજ નબળાં જન્મતાં બાળકોના મૃત્યુ દરમાં ઘટાડો થશે. અને તેમના સર્વતો મુખી વિકાસ અને કલ્યાણ માટેની તકોમાં વધારો થશે અને એકદંરે તે રાષ્ટ્ર માટે હીતકારક હશે.

(માહિતી સ્ત્રોત : Indian Express તા.૩૧ ઓક્ટો - ૧૭ માં શીરીન વકીલનો પ્રગટ થયેલ લેખ)

**પ્રો.અશ્વિનકુમાર એન. કારીઆ પાલનપુર**

## સાંઈ બાબાની ભક્ત ઈરાનિયન મહિલા અબીરને છે, 'હું તમારામાં સાંઈ જોઉ છું ....'



ફોટો : શાંતી શાહ

સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર 'મેરે સાંઈ' ની આત્મકથારૂપ ફિલ્મમાં પ્રેક્ષકોને તલ્લીન રાખવા માટે બધું જ કરી રહ્યું છે. વાસ્તવમાં, તાજેતરમાં એક ઈરાની મહિલા ઈરફત, જે સાંઈ બાબાની ભક્ત બનવા લાગી છે, તેણે વાસ્તવમાં અભિનેતા અબીર સોફીને સાંઈ માનવાનું શરુ કર્યુ. તેણી માને છે કે સંતને ભજવાના તેમના સમર્પણ અને નિશ્ચયને તેણીએ સાંઈ બાબાની નજીક ખેંચી લીધો છે અને તે સેટ પર તેમને મળવા માટે બહાર નીકળી ગયી છે.ઈરફત તેના શરુઆતથી શોનો અનુયાયી રહી છે અને ત્યારથી, તે અબીરને મળવા માંગતી હતી અને જે રીતે તે ભૂમિકાને યોગ્ય ઠેરવી રહ્યા છે તેના માટે તેનો આભાર માને છે. તેણીએ તેને સંપર્ક કરવા માટેના તમામ રસ્તાઓનો ઉપયોગ કર્યો અને સેટ પર તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. અબીરે તેનાથી ભરાઈ ગયાં હતાં અને તરત જ તેની ઈચ્છા સ્વીકારી હતી અને સેટ પર તેણીને આમંત્રિત કર્યા હતા.

સેટના સૂત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે, "ઈરફત સેટ પર આવ્યા હતા અને સાંઈબાબા ભજવા માટે અબીરની પ્રશંસા કરી હતી. તેણીએ તેમને કહ્યું હતું કે તે લાંબા સમયથી સાંઈબાબાની ભક્ત છે. તે સાંઈ વિશે સંપૂર્ણપણે શીખવા માંગતી હતી, જેના માટે તેણીએ ઈરાનથી મુંબઈ રહેવા આવી. સાંઈબાબાના સાચા ભક્તને મળવા માટે અબીર અત્યંત ખુશ હતો, જે હવે તેમના સૌથી મોટા ચાહક બન્યા છે. "

માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર, સોમવાર-શુક્રવાર સાંજે ૭:૩૦ વાગ્યે 'મેરે સાંઈ' જુઓ!